RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 237, Dt.24-12-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાત સરકાર ૧૦ વર્ષમાં ૧.૫૦ લાખ કર્મચારીની ભરતી કરશે

## ૧૮ વિભાગોમાં જગ્યા ભરાશે : ગૃહમંત્રાલયમાં સૌથી વધુ કર્મચારીઓની ભરતી કરાશેઃ શેડ્યુલ તૈયાર

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાત સરકાર આગામી એક દાયદામાં મોટી સંખ્યમાં કર્મચારીઓની ભરતી કરશે. ગુજરાત સરકાર ૧૮ ડિપાર્ટમેન્ટમાં ૮૨,૬૭૫ કર્મચારીઓની સીધી ભરતી કરશે અને તેના માટે એક વ્યાપક શેડ્યુલ તૈયાર કર્યુ છે. જેમાં શિક્ષણ અને આરોગ્યથી લઈને પરિવાર કલ્યાણ સહિતના આઠ વિભાગો માટે ભરતી ચર્ચા ચાલી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતીની ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં આગામી ૧૦ વર્ષમાં રાજ્ય સરકારમાં અંદાજીત ૧.૫ લાખ નવા કર્મચારીઓની ભરતી થઈ શકે છે. ૧૦ વર્ષમાં ૧૮ વિભાગોમાં ભરતી કરવામાં આવશે અને તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. જેમાં આઠ વિભાગોમાં ભરતી કરવામાં માટે ચર્ચા ચાલી રહી છે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, સીધી ભરતીની કુલ સંખ્યા ૧.૫ લાખ સુધી પહોંચશે તેવી અપેક્ષા છે. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જણાવે છે.

૧૮ વિભાગોમાંથી જ્યાં ૮૨,૬૭૫ કર્મચારીઓની ભરતી નક્કી કરવામાં આવી છે, તેમાં ગળહ વિભાગનો હિસ્સો ૫૦ ટકાથી વધુ છે. એટલે કે ગળહ વિભાગમાં સૌથી વધુ ભરતી થશે. સરકારે આગામી દસ વર્ષમાં ગળહ વિભાગમાં ૪૩,૩૮૯ કર્મચારીઓની નિમણૂકને મંજૂરી આપી છે. જે વિભાગોમાં ભરતી અંગેની ચર્ચા ચાલી રહી છે તેમાં લેબર, સ્કિલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, પંચાયતો, રૂરલ હાઉસિંગ અને રૂરલ ડેવલપમેન્ટ, ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ ડિપાર્ટમેન્ટ, સ્પોર્ટ્સ, યુથ અને કલ્ચર એક્ટિવિટિઝ ડિપાર્ટમેન્ટ અને બાકીની કેડર્સમાં હેલ્થ ડિપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. જે વિભાગો માટે હજી ભરતી અંગેની ચર્ચા-વિચારણ કરવામાં આવી નથી તેમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ



અને શિક્ષણ વિભાગનો સમાવેશ થાય છે.

આ કવાયત સાથે સંકળાયેલા એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, બાકીના તમામ વિભાગો માટે ભરતી અંગે આગામી થોડા અડવાડિયામાં વિચાર-વિમર્શ કરવામાં આવશે અને કેટલા કર્મચારીઓની ભરતી કરવી તે નક્કી કરવામાં આવશે. એકંદરે સીધી ભરતી ૧ લાખને વટાવી જવાની અપેક્ષા છે. અધિકારીએ સ્પષ્ટ કર્યું કે આ આંકડાઓ આઉટસોર્સિંગ મિકેનિઝમ દ્વારા ભરવામાં આવેલી જગ્યાઓને બાદ કરતાં સરકારી સેવામાં સીધી ભરતીનું પ્રતિનિધિત્વ કરે છે.

અધિકારીઓએ વિગતવાર જણાવ્યું કે, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એટલેકે ÊæëÂ તથા ગુજરાત સબઓર્ડિનેટ સર્વિસિસ સિલેક્શન બોર્ડ એટલે કે GSSSB વગેરે સહિતની તમામ ભરતી એજન્સીઓ વર્ષ મુજબની ભરતી યોજનાનું પાલન કરશે અને GAD ૧૦ વર્ષના શેડ્યુલની સામે ભરતી અંગેનું નિરીક્ષણ કરશે. ૮૨,૬૭૫ એપોઈન્ટમેન્ટ્સને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, તેમાં મોટાભાગની વર્ગ-૩ની જગ્યાઓ છે. વર્ગ-૩ માટે ૭૮,૨૪૧ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. જ્યારે વર્ગ-૨માં ૩૯૫૦ નવી ભરતી કરવામાં આવશે અને વર્ગ-૧માં ૪૮૪ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવશે, તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતીની ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં આગામી ૧૦ વર્ષમાં રાજ્ય સરકારમાં અંદાજીત ૧.૫ લાખ નવા કર્મચારીઓની ભરતી થઈ શકે છે. ૧૦ વર્ષમાં ૧૮ વિભાગોમાં ભરતી કરવામાં આવશે અને તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. જેમાં આઠ વિભાગોમાં ભરતી કરવામાં માટે ચર્ચા ચાલી રહી છે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, સીધી ભરતીની કુલ સંખ્યા ૧.૫ લાખ સુધી પહોંચશે તેવી અપેક્ષા છે.

# તબીબોને પ્રલોભન - આડકતરી લાંચ સામે સરકારની લાલ આંખ

## ફાર્મા કંપનીએ અભ્યાસનાં નામે 30 તબીબોને વિદેશ પ્રવાસ કરાવ્યાનો પર્દાફાશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમદાવાદનાં ખ્યાતિકાંડ બાદ સરકારી યોજનાના દુરૂપયોગ સાથે જબરો ખળભળાટ સર્જાયો જ છે ત્યારે ફાર્મા કંપનીઓ દ્વારા પણ તેઓની દવાનું વેચાણ વધારવા માટે તબીબોને અપાતી આડકતરી લાંચ-પ્રલોભનોનો મુદો ઉછળ્યો છે તબીબોને ફાર્મા કંપનીઓ તરફથી મોંઘી ગીફ્ટ વિદેશ પ્રવાસ સામે મનાઈ ફરમાવીને આચારસંહીતા લાગુ કરી જ છે. છતાં છટકબારીઓ શોધીને આવા કારસ્તાનો થતા રહે છે. આવી છટકબારીનાં કિસ્સામાં સરકારે પ્રથમ વખત એકશન લીધા છે અને ફાર્મા કંપની સામે તપાસ શરૂ કરવામાં આવી છે.

મલ્ટીનેશનલ ફાર્મા કંપની એલબીઓ હેલ્થકેર દ્વારા 30 તબીબોને પેરીસ તથા મોનાકો લઈ જવામાં આવ્યા હતા. વધતી વય સામેની પ્રોડકટ બોટોકસ માટે જ્ઞાન વધારવાની સ્ટડી ટુરનું નામ આપવામાં આવ્યું હતું. કંપનીના તબીબો માટેનો આ પ્રવાસ આચારસંહીતાનો ભંગ ગણીને કંપની તથા પ્રવાસમાં સામેલ તબીબોની જવાબદારી નકકી કરવા ફાર્મા વિભાગ દ્વારા આદેશ કરાયો હતો.

કંપની દ્વારા ૨૪ તબીબોને પેરીસ તથા ૬ ને મોનાર્ક લઈ જવાયા હતા. ફાર્મા મંત્રાલય દ્વારા નેશનલ મેડીકલ કાઉન્સીલને પણ તબીબો સામે વ્યવસાયીક આચારસંહીતા ભંગ બદલ પગલા ભરવા કહેવામાં આવ્યું છે. ફાર્માસ્યુટીકલ માર્કેટીંગ પ્રેકટીસ આચારસંહીતા હેઠળ તબીબોને વિદેશ પ્રવાસે લઈ જવા કે અન્ય પ્રલોભનો આપવા સામે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અમેરિકન ફાર્મા કંપની એલવીએની ભારતીય સબસીડીયરી કંપની 30 તબીબોને વિદેશ લઈ ગઈ હતી. ટીકીટ તથા હોટેલમાં રહેવા પાછળ રૂા.૧.૯ કરોડનો ખર્ચ કર્યો હતો. ફાર્મા મંત્રાલયે હાથ ધરેલા ઓડીટ દરમ્યાન આ ભાંડો ફૂટયો હતો. મંત્રાલય દ્વારા કંપનીને નોટીસ પાઠવવામાં આવી હતી.કંપનીએ જોકે આ પ્રવાસ કાયદા-નિયમોનાં દાયરામાં જ હોવાનો બચાવ કર્યો હતો.

કંપની દ્વારા એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે સર્વીસનાં બદલામાં વળતર આપવા તબીબો સાથે વ્યવસાયીકો લેખીત કરાર કરવામાં આવ્યો હતો. કરારમાં જોકે ઉચ્ચ કક્ષાની



તાલીમની જરૂરીયાત આવે તે માટે વિદેશ લઈ જવાની બાબતનો ઉલ્લેખ ન હોવાનું તપાસ ટીમે જાહેર કર્યું હતું. અને તેના આધારે પગલા લેવા સુચવ્યુ છે. આ પ્રકારની કાર્યવાહી તબીબોને પ્રલોભન આપવા સમાન જ ગણાવી હતી.કંપનીને એવી ઓફર આપવામાં આવી હતી કે આચાર સંહીતા ભંગમાં જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.તેટલા નાણા સરકારી હોસ્પીટલોમાં સારવાર લેતા ગરીબ દર્દી પાછળ વાપરવામાં આવે છે.કંપનીએ સરકારની ઓફર ફગાવી દીધી હતી જેને પગલે નિયમભંગ બદલ ટેકસ જવાબદારી સહીતની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.આ ફરીયાદ કાર્યવાહીની નકલ ફાર્મા ઉત્પાદકો સંગઠનને પણ મોકલવામાં આવી છે.


# કેન્દ્ર અને રાજ્ય સરકારની ૬૮૦ થી પણ વધુ યોજનાઓની માહિતી સિંગલ પોર્ટલથી મળશે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

સુશાસન એટલે સર્વસમાવેશી વિકાસ સાથે સંકળાયેલું વહીવટીતંત્ર, જે કોઈપણ રાજ્ય કે દેશનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરે છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યમાં સુશાસનની જે પ્રણાલી વિકસિત કરી હતી, તેને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આગળ ધપાવી રહ્યા છે.

રાજ્યમાં સુશાસનનું વધુ એક ઉદાહરણ સ્થાપિત કરતા મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (ગઈઈ) સાથે સંયુક્ત રીતે નમારી યોજનાથ પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની જનકલ્યાણલક્ષી યોજનાઓની માહિતી સામાન્ય નાગરિકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશથી નસ્રમારી યોજના પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની ૬૮૦ થી પણ વધુ યોજનાઓની માહિતી આ પોર્ટલ પર નાગરિકોને ઉપલબ્ધ થશે. આ પોર્ટલની મદદથી રાજ્યના નાગરિકો વિવિધ યોજનાઓથી માહિતગાર થશે તેમજ પોતાને લાગુ પડતી યોજનાઓનો લાભ પારદર્શક રીતે અને સરળતાથી મેળવી શકશે. મારી યોજના પોર્ટલની વિશેષતાઓપોર્ટલ પર વિવિધ સરકારી યોજનાઓ, તેનો સારાંશ, પાત્રતાના માપદંડો, મળવાપાત્ર લાભો અને જરૂરી બિડાણો, અરજી પ્રક્રિયા વિશે



વિગતવાર માહિતી આપવામાં આવી છે.


નાગરિકો શિક્ષણ, આરોગ્ય, રોજગાર જેવા વિવિધ ક્ષેત્રોની યોજનાઓને સરળતાથી આ પોર્ટલ પર શોધી શકે છે. આ ઉપરાંત, નાગરિકો આ પોર્ટલ પર મલ્ટિપલ પર્સનલાઈઝ્ડ ક્રાઈટેરિયા એટલે કે વિવિધ વ્યક્તિગત માપદંડોના આધારે પોતાને ઉપયોગી માહિતીની શોધ કરી શકે છે.

# ત્રણ દિવસ હવામાન પલટોઃ હિમવર્ષા, કરા, વરસાદ પડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં શિયાળાની ઠંડીના સપાટા વચ્ચે ચાલુ સપ્તાહમાં હવામાન પલટો થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અનેક ભાગોમાં હિમવર્ષા થશે.જયારે કેટલાંક ભાગોમાં કરા વરસશે દક્ષિણ ભારતમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગે રીપોર્ટમાં કહ્યું છે કે, બંગાળની ખાડીમાં લો-પ્રેસર સર્જાયુ છે. ઉપરાંત હિમાલયન ક્ષેત્રમાં એક પછી એક વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યા છે એટલે ચાલુ સપ્તાહમાં હવામાનનો મિજાજ બદલાશે. ઉતરીય તામીલનાડુ તથા દક્ષિણ આંધ્રપ્રદેશના સાગરકાંઠા પર આજે હવામાન ખરાબ થશે.



વેસ્ટર્ન ડીસ્ટબન્સ ના પ્રભાવ હેઠળ પશ્ચિમી હિમાલયન ક્ષેત્રમાં હિમવર્ષા થશે અને વરસાદ પડશે. ૨૦ અને ૨૮ મીએ હિમવર્ષા તથા વરસાદની માત્રા વધશે. ઉતર-પશ્ચિમ ભારત તથા તેને લાગુ મધ્ય ભારતનાં અનેક ભાગોમાં પણ ૨૭મીએ વરસાદ સાથે તેજ પવન ફુંકાવાની સંભાવના છે.

પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમી ઉતરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર તથા મરાઠાવાડામાં તેજ પવન સાથે કરાતો વરસાદ થવાની સંભાવના છે.

હિમાચલ પ્રદેશનાં કેટલાંક ભાગોમાં ભીષણ કોલ્ડવેવની ચેતવણી આપવામાં આવી છે.જમ્મુ-કાશ્મીર લડાખ, ગિલગીળ, બાલ્ટીસ્તાન, મુઝફરાબાદમાં તા.૨૬ સુધી પંજાબ, હરીયાણા, ચંદીગઢમાં તા.૨૫ સુધી શીત લહેરનું એલર્ટ અપાયું છે.

૨૭ મી ડીસેમ્બર સુધી હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, બિહાર, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ, ત્રિપુરામાં ગાઢ ધુમ્મસની પણ ચેતવણી આપી છે.

# મંદિર - મસ્જિદ પર સંઘ નહી, ધર્મગુરૂઓ નિર્ણય કરશે : ભાગવતને જવાબ

## દરેક મસ્જિદમાં મંદિર નહી શોધવા સંઘ વડાના વિધાનો પર ધર્મગુરૂઓ ખફા; જગતગુરૂ સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું ભાગવત અમારા બોસ નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઉતરપ્રદેશ સહિતના રાજયોમાં મસ્જીદોમાં મંદિરોના અવશેષો દાવાના સતત વધી રહેલા વિવાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે આ પ્રકારની નવી પરંપરા અસ્વીકાર્ય હોવા અને દરેક મસ્જીદમાં મંદિર નહી શોધવા આપેલી સલાહ હવે હિન્દુ સાધુ સંતોને પસંદ આવી નથી અને વિરોધમા સૂર ઉઠવાનું શરૂ થતા સંઘ સામે હવે કટ્ટરવાદીઓનો નવો વર્ગ ઉભો થઈ રહ્યો હોવાના સંકેત છે.

શ્રી ભાગવતે અત્યંત આકરા શબ્દોમાં કહ્યુ હતુ કે મંદિર-મસ્જીદ વિવાદ ઉભા કરીને કોઈ હિન્દુ નેતા બની શકે નહી. નવા નવા સ્થાનો પર નવા દાવા ઉભા કરવાની જરૂર નથી. હવે ભાગવતના આ વિધાનો સામે પ્રથમ મોરચો અખિલ ભારતીય



સંત સમીતીના મહામંત્રી સ્વામી જીતેન્દ્ર સરસ્વતીએ ખોલ્યો છે અને ભાગવતને જવાબ આપતા કહ્યુ કે, આ પ્રકારના મુદાઓ પર નિર્ણય આરએસએસ નહી પણ ધર્માચાર્યો પર છોડી દેવો જોઈએ. તેઓએ કટાક્ષમાં કહ્યું કે સંઘ એ સાંસ્કૃતિક સંગઠન છે તે ભૂમિકા રહેવી જોઈએ.

જયારે ધર્મની વાત આવે તો તેનો નિર્ણય ધર્મગુરૂમાં કરશે અને તેઓ જે નિર્ણય કરશે તે સંઘને તથા વિશ્વ હિન્દુ પરિષદ સ્વીકારશે. તેઓએ જણાવ્યુ કે શ્રી ભાગવતની લાંબા સમયથી આ સલાહ છતાં પણ વધુ એવા સ્થાનો શોધાયા છે જેમાં મંદિરના સ્થાને અન્ય ધર્મના સ્થાન બની ગયા છે અને ધાર્મિક સંગઠનોએ રાજકીય એજન્ડા નહી લોકોની સંવેદનશીલતાના આધારે કામ કરે છે.

આ પ્રથમ વખત બન્યુ છે કે મોહન ભાગવતને તેમના વિધાનોનો આ રીતે આકરો સામનો કરવો પડયો છે અને તે પણ સંઘ પ્રેરીત સંગઠનો દ્વારા જ હશે. આ મુદાઓ ઉઠાવાઈ રહ્યા છે. જગતગુરુ રામભદ્રાચાર્યએ પણ તેવોજ સૂર દર્શાવતા કહ્યુ કે ધર્મના સંબંધ નિર્ણય છે. સંઘે તે મુદા આધ્યાત્મીક-ધાર્મિક ગુરૂઓ પર છોડવા જોઈએ.

વાસ્તવમાં આ એક નવો પ્રવાહ શરૂ થયો છે અને હિન્દુ સમુદાયમાં તેમની આસ્થા અને સંઘના પ્રભાવની ટકકર શરૂ થઈ છે. ઉતરપ્રદેશમાં કાશી, મથુરાના સ્થાનો ઉપરાંત સંબંધમાં જે રીતે નવા સ્થાનો પર સર્વે, ખોદાઈ અને હિન્દુ મંદિરોના અવશેષો મળ્યાના અહેવાલથી છેક રાજસ્થાનથી અજમેર દરગાહ સુધી હવે આ માંગણી થઈ છે.

જગતગુરૂ રામભદ્રાચાર્યએ તો ત્યાં સુધી કહ્યુ કે મોહન ભાગવત અમારા બોસ નથી પણ અમો જ છીએ. અમે હકારાત્મક વિચારીએ છીએ. અમો આ મુદાઓ અદાલતો, મતપત્રકો અને હિન્દુ સમુદાયના ટેકાની ઉકેલશું. ઉતરાખંડ જયોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુકતેશ્વરાનંદે પણ ભાગવતના વિધાનો પર આકરી પ્રતિક્રિયા આપી હતી. હિન્દુઓએ અસંખ્ય અત્યાચારોનો સામનો કર્યો છે અને આક્રમણકારોએ નાશ કરેલા મંદિરોનો પુનરોદ્ધાર કરવામાં કંઈ ખોટુ નથી.

તેઓએ કહ્યું કે ભાગવત તેમની અનુકુળતા મુજબ બોલે છે અને જયારે તેમને પોતાની જરૂર હતી તો મંદિર પર જ બોલતા હતા અને હવે તેઓએ મંદિરો નહી શોધવાની શિખામણ આપે છે.


# UKમાં ભણવા કે નોકરી કરવા જતાં ભારતીયોને ઝટકો! જાન્યુઆરીથી લાગુ થશે નવા વિઝાના નિયમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બ્રિટનમાં ભણવાની યોજના બનાવી રહેલા લોકો માટે માઠા સમાચાર છે. બ્રિટન સરકારે નવા વર્ષથી સ્ટુડન્ટ અને વર્ક વિઝા માટે માસિક ખર્ચ મર્યાદા વધારી દીધી છે. જાન્યુઆરી, ૨૦૨૫થી ભારતથી બ્રિટન અભ્યાસ તથા કામ અર્થે જતાં લોકોએ હવે તેમના એકાઉન્ટમાં ૧૧ ટકા વધુ રકમ બચત સ્વરૂપે બતાવવી પડશે.

બ્રિટિશ સરકારે આવાસ, અને અર્થવ્યવસ્થા પર ઈમિગ્રેશનની અસર ઘટાડવાના ઉદ્દેશ સાથે ફંડની મર્યાદા વધારવા નિર્ણય લીધો છે. કોવિડ મહામારી બાદ બ્રિટનમાં મોટી સંખ્યામાં લોકો અભ્યાસ કરવા જઈ રહ્યા છે. વર્ક વિઝા પર સરળ થતાં મોટી સંખ્યામાં ભારતીયો યુકે વર્ક વિઝા મેળવ્યા છે. જેથી ઈમિગ્રેશનના ધસારાની અર્થવ્યવસ્થા પર અસર ન થાય તે હેતુ સાથે નવી નીતિ ઘડવામાં આવી છે. જેમાં હવે વિઝા માટે બતાવવામાં આવતાં ફંડની રકમ ૧૧ ટકા વધારાઈ છે.

૨ જાન્યુઆરી, ૨૦૨૫થી બ્રિટનમાં સ્ટુન્ટ વિઝા મેળવનાર વિદ્યાર્થીઓએ સાબિત કરવુ પડશે કે, તેમની પાસે રહેવા-ખાવા અને વપરાશ માટે પર્યાપ્ત ફંડ છે. લંડનમાં અભ્યાસ માટે વિદ્યાર્થીએ એકાઉન્ટમાં દરમહિને ૧૪૮૩ પાઉન્ડ (રૂ. ૧.૫ લાખ) દર્શાવવા પડશે. લંડનની બહારના શહેરોમાં અભ્યાસ માટે ૧૧૩૬ પાઉન્ડ (રૂ. ૧.૨ લાખ)ના હિસાબે ફંડ દર્શાવવુ પડશે. જેથી



લંડનમાં એક વર્ષના માસ્ટર પ્રોગ્રામ માટે ૯ મહિનાના ખર્ચ સમાન અર્થાત ૧૩૩૪૭ પાઉન્ડ (રૂ. ૧૪ લાખ) અને લંડનની બહાર માસ્ટર પ્રોગ્રામ માટે ૧૦૨૨૪ પાઉન્ડ (રૂ. ૧૧ લાખ)નું ફંડ દર્શાવવાનું રહેશે. વિઝા માટે અરજી કરતી વખતે આ ફંડ તમારા એકાઉન્ટમાં ઓછામાં ઓછા ૨૮ દિવસ સુધી જમા હોવુ જોઈએ.ટુરિસ્ટ, ફેમિલી, સ્પાઉસ, બાળક અને સ્ટુડન્ટ વિઝા સહિત અનેક પ્રકારના વિઝાની એપ્લિકેશન ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. જો કે, દિવ્યાંગ, સંભાળ લેનાર કેર ટેકર, હેલ્થ સર્વન્ટ, સેના સહિત અમુક ખાસ સ્કિલ્ડ ધરાવતા લોકોને તેમાં રાહત મળશે.

# ઈ - કોમર્સ સહિતના ગીગ - વર્કસને હવે દુર્ઘટના વિમા, આરોગ્ય - પેન્શન સુવિધા મળશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ઈ-કોમર્સની ફુડ ડીલીવરી સહિતના પ્લેટફોર્મમાં કામ કરતા અને તે ઉપરાંત વિવિધ ક્ષેત્રમાં જે હંગામી કર્મચારીઓ ખાનગી ક્ષેત્રમાં કામ કરે છે તેઓને હવે સામાજીક સુરક્ષા હેઠળ આવરી લેવાશે. લાંબા સમયથી કેન્દ્ર સરકાર તેના પર વિચારણા કરી રહી હતી અને હવે આ અંગે એક બ્લુપ્રિન્ટ તૈયાર થઈ છે. જે આગામી બજેટમાં જાહેર થાય તેવા સંકેત છે.

ઈ-કોમર્સ સાથે જોડાયેલા ડિલીવરીમેનની તેના અન્ય કર્મચારીઓ જે હંગામી નોકરી પર છે તે ઉપરાંત વિવિધ કેબ સેવાના ડ્રાઈવર અને આ પ્રકારના ડીજીટલ પ્લેટફોર્મ સાથે જોડાયેલા કર્મચારીઓને આગામી દિવસોમાં દુર્ઘટના વિમા, સ્વાસ્થ્ય યોજના અને પેન્શન સહિતના લાભો મળશે. આ અંગે સરકાર વિવિધ કંપનીઓના વડાઓ તથા સીઈઓ, આ ક્ષેત્રના નિષ્ણાંતોને પણ ચર્ચામાં સામેલ કરીને તેમના અભિપ્રાયો મેળવાયા છે.

કેન્દ્રના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા એક બ્લુપ્રિન્ટ તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં આ પ્રકારના કર્મચારીઓ તેમની નોકરી બદલે તો પણ તેઓને એક યુનિક નંબરથી આ પ્રકારના લાભો મળતા રહેશે.

જેમાં પ્રોવિડન્ટ ફંડ યોજના મારફત નિવૃતિ બાદ નિશ્ચિત પેન્શન, આયુષ્યમાન યોજના હેઠળ તબીબી સારવારના લાભો તથા વિમા હેઠળ અકસ્માત કે અન્ય કારણોસર મૃત્યુમાં તેમના કુટુંબને એક ચોકકસ રકમ મળી જશે.




દેશમાં ગીગ-વર્કર તરીકે ઓળખાતા આ પ્રકારે લગભગ સવા બે કરોડ કર્મચારીઓ છે જેની સંખ્યા પણ સતત વધતી જાય છે. ૭૭ લાખ કર્મચારીઓ વિવિધ ઈ-પ્લેટફોર્મ સાથે જોડાયેલા છે અને તે સતત વધી રહી છે.

૨૦૩૦ સુધીમાં તેની સંખ્યા ૪-૫ કરોડ થઈ જશે તો તેમની સામાજીક સુરક્ષામાં હાલ કોઈ જોગવાઈ નથી અને તેઓની નોકરીની સલામતની ગેરેન્ટી પણ નથી.

# મોરબી જીલ્લા કલેક્ટર કે.બી.ઝવેરીના અધ્યક્ષસ્થાને જીલ્લા કક્ષાના સુશાસન દિવસની ઉજવણી કરાઈ

## મોરબી જીલ્લામાં સુશાસન સપ્તાહની ઉજવણીઃ પ્રશાસન ગાંવ કી ઔર

**મુખ્ય સમાચાર,મોરબી**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અનુસાર ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેઈજીના જન્મદિવસને સુસાશન દિવસ તરીકે મનાવવામાં આવે છે. જે અનુસાર રાજ્ય સરકાર દ્વારા તારીખ ૧૯ થી ૨૫ ડિસેમ્બર સુધી સુસાશન સપ્તાહની સમગ્ર રાજ્યમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીનો ઉદ્દેશ્ય એ છે કે નાગરિકોના પ્રશ્નો કે જેનું નિરાકરણ બાકી હોય એનો જલ્દીથી સ્થાનિક કક્ષાએ નિકાલ આવે. તેમજ નાગરિકોને વડી કચેરી સુધી ધક્કો ખાવો ના પડે. મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મોરબી ખાતે સુશાસન સપ્તાહની ઉજવણી અન્વયે જીલ્લા કક્ષાનો વર્કશોપ મોરબી જીલ્લા કલેકટર કે.બી.ઝવેરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, આગામી વર્ષ ૨૦૪૭ ને ધ્યાનમાં રાખીને આપણા જીલ્લાનો મહત્તમ વિકાસ થાય તે રીતે આપણું આયોજન થવું જોઈએ. જેમાં દરેક વિભાગનો સહકાર આવકાર્ય છે. ગુડ ગવર્નન્સ, ગુડ ગ્રિવાન્સિસ, ગુડ સર્વિસ ડિલીવરી સિસ્ટમ વિકસાવવી, ભાવિ વિકાસ સંદર્ભે નાગરિકોના પ્રતિભાવોને ધ્યાનમાં રાખીને વિવિધ પગલાઓ હાથ ધરી વિકસિત મોરબી૨૦૪૭ નો સંકલ્પ સાકાર કરવાનો હેતુ છે.

આ ઉપરાંત જીલ્લા કલેકટરે આગળ જણાવ્યું હતું કે, શિક્ષણ શાખાના અધિકારી અઠવાડિયામાં ૨ વાર તમામ શાળાઓમાં વારાફરતી સરપ્રાઈઝ ચેકિંગ કરે અને મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોમાં તપાસ કરીને તેનું નિયમિત રિપોર્ટિંગ કરાવે. તેમજ શાળામાં તમામ સ્ટાફ સમયસર હાજર રહે તેવી વ્યવસ્થાનું પાલન થાય. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ વર્ગ- ૧ ના અધિકારીઓ દ્વારા રાત્રીસભાનું આયોજન થાય તેવી કામગીરી ગોઠવવામાં આવશે. જેથી ગ્રામ્ય કક્ષાના પ્રશ્નો માટે ગ્રામજનોને દૂર સુધી જવું ના પડે.

જીલ્લા કલેકટરે બેઠકમાં સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી કે સિરામિકની ફેક્ટરીવાળા વિસ્તારોમાં તાડપત્રી બંધાવવી, રો- મટિરિયલ શેડમાં જ રાખવું અને વોટર સ્પ્રિંકલિંગ કરાવવું જેથી વાતાવરણમાં ધૂળ અને રજકણ ઓછા ઊડે અને લોકોના આરોગ્ય પર ગંભીર અસર ના થાય.

કાર્યક્રમમાં શિક્ષણ, ખેતીવાડી અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. શિક્ષણ વિભાગની કામગીરી જોઈએ તો, આ વર્ષે કુલ ૧૦ નવી શાળાઓને મંજૂરી મળી છે. તેમજ નમો લક્ષ્મી યોજનામાં ૨૦૮૪૨, નમો સરસ્વતી યોજનામાં ૩૮૩૪, મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજનામાં ૯૫૪ અને વિવિધ



યોજનાઓમાં મળીને કુલ ૮૩ લાભાર્થીઓ છે. તેમજ ૩ શાળાઓનું બાંધકામ હાલમાં ચાલુ છે. છેલ્લા ૩ વર્ષમાં મોરબી જીલ્લામાં એસ.એસ.સી. માં રાજ્ય કક્ષાએ દ્વિતીય કક્ષાએ, એચ.એસ.સી. જનરલ સ્ટ્રીમમાં તૃતીય કક્ષાએ, અને એચ.એસ.સી. સાયન્સ સ્ટ્રીમમાં રાજ્ય કક્ષાએ પ્રથમ કક્ષાએ સ્થાન મેળવ્યું છે. જે મોરબી જીલ્લા માટે ગૌરવની વાત છે.

# મોરબીમાં વિદ્યાર્થિની સાથે અડપલાં કરનાર લંપટ શિક્ષકની ધરપકડ કરાઈ

- ઓરિએન્ટલ કલાસીસના શિક્ષક રવિન્દ્રકુમાર ત્રિવેદી સામે કાયદાકીય કાર્યવાહી



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ઓરિએન્ટલ કલાસીસમાં ધો.૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે ૧૫ દિવસથી શારીરિક અડપલા કરનાર શિક્ષક રવિન્દ્રકુમાર ત્રિવેદીની પોકસો હેઠળ ધરપકડ કરાઈ છે. ત્યારે લંપટ શિક્ષક પાસે પોલીસ દ્વારા રી-કન્સ્ટ્રક્શન કરીને સમગ્ર ઘટના તપાસવામાં આવી છે.

મોરબીના સૂર્યકીર્તિનગરમાં રહેતા અને મહારાણા પ્રતાપ સર્કલ પાસે ઓરિએન્ટલ કલાસીસ ચલાવતા રવિન્દ્રકુમાર રમેશચંદ્ર ત્રિવેદી સામે ધો. ૧૨ની વિદ્યાર્થિનીના પરિવારજનોએ છેડતીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ લંપટ શિક્ષક રવિન્દ્ર ત્રિવેદી છેલ્લા ૧૫ દિવસથી વિદ્યાર્થિની સાથે અડપલાં કરતા હોવાના આક્ષેપ સાથે બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી લંપટ શિક્ષક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. બીજીબાજુ વિદ્યાર્થીનીના પરિવાર દ્વારા વારાફરતી મારપીટના આક્ષેપો સાથે શિક્ષકે પણ વિદ્યાર્થીનીના પરિવારજનો સહિત આઠ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વિદ્યાર્થીનીના પરિવારજનો દ્વારા મારપીટ કરવામાં ઈજાગ્રસ્ત લંપટ શિક્ષક આરોપી મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો હોય જ્યાંથી તબિયત સારી થતા પોલીસે આરોપીની કસ્ટડી લઈ તેની ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે ગઈકાલે આરોપી રવિન્દ્ર ત્રિવેદીને પોલીસ દ્વારા ઓરિએન્ટલ કલાસીસ ખાતે લઈ જઈ સમગ્ર ઘટનાનું રી-કન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું.

# ધ્રોલના હરીપર ગામ નજીક સોલાર પ્લાન્ટમાં થયેલ વાયરની ચોરીનો ભેદ ઉકેલાયોઃ ૭ શખ્સોની ધરપકડ

## ચોરીમાં ઉપયોગ કરેલ સાધન સહિત રૂ.૮૫૩૬૦૦નો મુદ્દામાલ કબજે : આરોપીઓએ હળવદ અને ધ્રાંગધ્રામાં પણ ચોરી કરી હતી

**મુખ્ય સમાચાર,જામનગર**

ધ્રોલ તાલુકાના હરીપર નજીક આવેલા સોલાર પ્લાન્ટમાંથી બે લાખની કિંમતના ૧૦ હજાર મીટર વાયર ચોરીના બનાવમાં સીસીટીવી કેમેરા અને ટેકનિકલ તથા હ્યુમન સોર્સની મદદથી ધ્રોલ પોલીસે સાત શખસોને ૮.૫૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ વધુ પૂછપરછ હાથ ધરી હતી.

ધ્રોલના હરીપર ગામ નજીક આવેલા સોલાર પ્લાન્ટમાંથી ૧૦ દિવસ પૂર્વે રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો રૂ. ૨ લાખની કિમતનો ૧૦ હજાર મીટર સોલાર વાયર ચોરી કરી ગયા હતાં. આ ઘટનાની પોલીસ ફરિયાદ થતાં પોલીસે ચોરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ અને ઈન્ચાર્જ ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એચ વી રાઠોડ, હેકો રાજેશભાઈ મકવાણા, કલ્પેશભાઈ કામરીયા, કલ્પેશભાઈ દલસાણીયા, પો. કો. રઘુવીરસિંહ જાડેજા, કરણભાઈ શિયાર, ભગીરથસિંહ જાડેજા, મનિષભાઈ વાડોલિયા, રાજેન્દ્રસિંહ જાડેજા સહિતના સ્ટાફે વોચ ગોઠવી ભાદ્રા ગામના પાટીયાથી ધ્રોલ તરફ આવવાના માર્ગ પર માવાપર ગામના પાટિયા પાસે જીજે-૧૨-એફબી-૨૯૧૩ નંબરની રૂ.૩ લાખની કિંમતની ટ્રીબર કાર અને જીજે-૧૨- બીએક્સ-૧૬૬૫ નંબરનું ચાર લાખની કિંમતની મીની ૪૦૭ નામના બે વાહનોને આંતરી લીધા હતાં. પોલીસે આ વાહનોમાંથી મામદ સીદીક ત્રાયા, બિલાલ ઉર્ફે મહોસીન જુસબ હિંગોરજા, અઝરૂદીન ગુલમામદ હિંગોરજા, ઈમરાન ભચુર નાગડા, હાજી ભચુર નાગડા, રફિકશા અલીશા શેખ, મોસીનઅલી મહમદયુસુફ ગરાસીયા (રહે. કચ્છ બધા) નામના સાત શખ્સોને દબોચી લઈ તેમની પાસેથી રૂ.૧,૩૩,૦૦૦ ની કિંમતનો ૧૯૦ કિલો ચોરાઉ



કોપર વાયર તથા રૂ. ૨૦૦૦૦ ની કિંમતના ચાર નંગ મોબાઈલ અને વાયર કટીંગ કરવા માટેના સાધનો મળી કુલ રૂ.૮,૫૩,૬૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પૂછપરછ હાથ ધરતા આ તસ્કર ગેંગ ધ્રોલમાં થયેલી ચોરી તથા ધ્રાંગધ્રાના બાવરી ગામ નજીકના સોલાર પ્લાન્ટમાંથી વાયરની ચોરી તથા હળવદના રણજીતગઢ જ પાસેના સોલાર પ્લાન્ટમાંથી વાયરની ચોરીનો ભેદ ઉકેલાયો હતો. ઉપરાંત આ તસ્કર ગેંગનો ઈતિહાસ ગુનાહિત રહ્યો હતો. ચારાના જેમાં હાજી ભચુર નાગડા વિરૂધ્ધ કંડલા, ગાંધીધામ, ભચાઉ અને મુન્દ્રામાં જુદા જુદા ૧૦ ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે રફિકશા અલીશા શેખ વિરૂધ્ધ પધર, ભચાઉ અને અંજારમાં ચાર ગુનાઓ અને બીલાલ ઉર્ફે મહોસીન જુસબ હિંગોરજા વિરૂધ્ધ અંજારમાં બે ગુનાઓ તથા ઈમરાન ભચુર નાગડા વિરૂધ્ધ ભચાઉ અને ગાંધીધામમાં ત્રણ ગુનાઓ નોંધાયેલા હોવાનું ખૂલ્યું હતું.

# ખંભાળિયા નજીક વાહનમાં લઈ જવાતા ભેંસ સહિતના ૧૩ પશુઓને બચાવી લેવાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

ખંભાળિયા નજીકના હાઈ-વે માર્ગ પરથી ગત સાંજે ભેંસ તેમજ નાના પાડરડા ભરેલો એક આઈસર ટ્રક પશુ સેવકોએ અટકાવીને ચેકિંગ કરતા આ વાહનમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા ૧૩ પશુઓ જોવા મળ્યા હતા. જેથી કાર્યકરોએ આ અંગે ખંભાળિયા પોલીસને જાણ કરી, જરૂરી ફરિયાદ નોંધાવી હતી. આ સમગ્ર બાબત અંગે પોલીસમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ અહીંની જાણીતી પશુ સેવા સંસ્થા એનીમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના ગૌસેવક રવિભાઈ વકાતરને માહિતી મળી હતી કે અત્રે પોરબંદર રોડ પર આવેલી પાયલ હોટલ નજીકથી પસાર થતા જી.જે. ૩૭ ટી. ૭૬૪૧ નંબરના એક આઈસર ટ્રકમાં ખીચોખીચ પશુઓ ભરીને થતો હોવાથી કાર્યકરો દ્વારા પૂરઝડપે જતા આ ટ્રકને અટકાવવાની કોશિશ કરી હતી. પરંતુ પુરપાટ વેગે આ આઈસર ટ્રક નાસી છૂટ્યો હતો. આ પછી કથિત રીતે પશુઓને કતલખાને કપાવવા માટે લઈ જવામાં આવતો હોવાની આશંકા પરથી ઉપરોક્ત આઈસર ટ્રકને અત્રે જામનગર માર્ગ પર આવેલા ધરમપુર ટોલ ગેઈટ પાસે અટકાવીને ચેકિંગ કરવામાં આવતા તેમાં ૯ મોટી ભેંસ તેમજ ચાર નાના પાડરડા (પશુ) ભરેલા હોવાનું ધ્યાન આવ્યું હતું. આઈસરમાં ઉપરોક્ત તમામ ૧૩ પશુઓને ટૂંકા દોરડા વડે ખીચોખીચ બાંધી અને હલનચલન પણ ન કરી શકે તેવી સ્થિતિમાં જોવા મળ્યા હતા. એટલું જ નહીં, ટ્રકમાં પશુઓ માટે ચારા કે પાણીની પણ વ્યવસ્થા ન હતી. આ પશુઓ બાબતે ટ્રકના ચાલક હમીર નેભા આંબલીયા (ઉ.વ. ૩૪, રહે. હંજરાપર, તા. ખંભાળિયા) ને પૂછવામાં આવતા ઉપરોક્ત પશુઓ તે હંજરાપર ગામે રહેતા પ્રવીણભાઈ દેવાયતભાઈ આંબલીયાના



ઘરેથી તેમની માલિકી પાસેથી લીધા હોવાનું તેમજ આ પશુઓને સુરત ખાતે રહેતા એક આસામીને આપવા માટે જતા હોવાનું જણાવ્યું હતું. આ દરમિયાન આઈસર ચાલક હમીર આંબલીયાની બાજુમાં રહેલો ક્લિનર ક્યાંક નાસી છૂટ્યો હતો. આ સમગ્ર બાબત અંગે ગૌ સેવકોએ પોલીસને જાણ કરી ટ્રક તેમજ પશુઓનો કબજો પોલીસને સોંપ્યો હતો. આ સમગ્ર પ્રકરણ અંગે એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના સેવાભાવી કાર્યકર દેશુરભાઈ ગગુભાઈ ધમા (ઉ.વ. ૩૦, રહે. હરસિધ્ધિ નગર) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે આઈસરના ચાલક હમીર નેભા આંબલીયા તેમજ ક્લીનર સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ બી.એમ. ગોજીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# હળવદમાં તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ ૯ જેટલા મોબાઈલ મૂળ માલીકને પરત સોંપ્યા



હળવદમાંથી ખોવાયેલ ૯ જેટલા મોબાઈલ પોલીસ દ્વારા શોધી મૂળ માલિકને તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદારોને એકસાથે હળવદ પોલીસ મથકે બોલાવી નાયબ પોલીસ અધિક્ષક સારડાની ઉપસ્થિતિમાં તમામને મોબાઈલ પરત સોંપવામાં આવ્યા છે.

હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી.વ્યાસના સુપરવિઝન હેઠળ હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ અરજદારોના ખોવાયેલ/ચોરાયેલ મોબાઈલ શોધી કાઢવા સ્ટાફને સુચના કરેલ હોય જે અનુસંધાને ઈઊઈછ પોર્ટલનો ઉપયોગ કરી સતત મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્ક આઉટ કરી ૯ જેટલા જેની આશરે કિ.રૂા. ૨,૦૧,૪૮૭/-ના મોબાઈલો શોધી કાઢી તમામને એકસાથે પોલીસ મથક ખાતે બોલાવી પરત કરવામાં આવ્યા છે, આ સાતગે પોલીસે સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્ર હળવદ પોલીસે સાર્થક કરેલ છે.

# ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા દરમ્યાન સ્પર્ધકો સિવાય પર્વત પર અન્ય યાત્રીઓના જવા-આવવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

એહવાલ -કાનભાઈ સુવા

ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તા.૨૪/૧૨/૨૦૨૪ના રોજ ધોરાજી તાલુકાના પાટણવાવ ખાતે પાંચમી ઓસમ પર્વત આરોહણ-અવરોહણ (રાજયકક્ષા) સ્પર્ધા-૨૦૨૪-૨૫ યોજવામાં આવશે.

આ સ્પર્ધામાં રાજયના યુવક/યુવતીઓ ભાગ લેશે. હશે. જેના કારણે ઓસમ પર્વત ઉપર જતા પ્રવાસીઓ, યાત્રાળુઓ કે અન્ય વ્યકિતઓના યુવક/યુવતીઓની ટુકડીઓને સ્પર્ધા દરમ્યાન સંભવિત અંતરાય કે ખલેલ ઉભી થવાની પરિસ્થિતિ ઉત્પન ન થાય તે માટે ઓસમ પર્વતની સીડીના પગથિયાં ઉપર આવવા-જવા માટેનો પ્રતિબંધક આદેશ નિવાસી અધિક



કલેક્ટરશ્રી એ.કે.ગૌતમ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે

જે મુજબ ઓસમ પર્વત ખાતે તા.૨૪/૧૨/૨૦૨૪નાં રોજ ૦૦-૦૦ કલાકથી (શુન્ય કલાકથી) બપોરનાં ૧૨-૦૦ (બાર કલાક)સુધી ઓસમ પર્વતની સીડીના પગથિયા ઉપર સ્પર્ધકો સિવાયનાં પ્રવાસીઓ,યાત્રાળુઓ કે અન્ય વ્યકિતઓ ઓસમ પર્વતની સીડીના પગથીયા ધ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરવામાં આવે છે આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે

# સાવરકુંડલા પાસે કાર રેલીંગ તોડી નદીમાં ખાબકીઃ ડ્રાઈવરનું મોત, બે વિદ્યાર્થીનો બચાવ



સોમવારે બપોર બાદ સાવરકુંડલાથી અમરેલી જઈ રહેલી કાર ચરખડિયા ગામે આવેલ નદીના પુલ ઉપરથી ડ્રાઈવરએ કાબુ ગુમાવતા કાર રેલિંગ તોડી નીચે પડી હતી અને બે વિદ્યાર્થીઓ અમરેલી પરીક્ષા આપવા જઈ રહેલા હોય બંનેનો આબાદ બચાવ થયો હતો તેમને સામાન્યથી સામાન્ય ઈજાઓ થઈ હતી અને કારચાલકનું ઘટના સ્થળે મોત થયું હતું કાર ચાલક રસિકભાઈ સોલંકી રહેવાસી હુડલીનું ઘટના સ્થળે મોત થયું હતું અને કારમાં બેઠેલ સુમિત પરમાર ઉ.વ.૨૦ રે. સાવરકુંડલા તેમજ દક્ષિત રાઠોડ ઉ.વ.૧૯ રે.કેરાળા તાલુકો ધારી બંનેનો આબાદ બચાવ થયો હતો અને બંને અમરેલી ધાનાણી કોલેજમાં અભ્યાસ કરે છે સાવરકુંડલા ૧૦૮ મારફતે બંને વિદ્યાર્થીઓને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તેમજ સાવરકુંડલા તાલુકા પોલીસ અધિકારી ચૌધરી અને તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોટા માંડવડા ગામે વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો



અમરેલી તાલુકાના મોટા માંડવડા ગામેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો સાથે એક ઈસમને અમરેલી એલ.સી.બી. ટીમે પકડી પાડયો હતો. રેઈડ દરમિયાન રવિરાજભાઈ પ્રતાપભાઈ વાળા, (રહે.મોટા માંડવડા)ના ઈસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ ૯૬ કિમત રૂપિયા ૬,૭૨૦ તથા ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ ૫૫ કિંમત રૂપિયા ૩,૬૩૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૫,૩૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, આરોપી તથા સંડોવાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# રીબડા પાસે ટ્રક અને આઈસર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં ટ્રક ચાલકનું મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ રાજકોટ નેશનલ હાઈવે પર રીબડા નજીક સાંજે ટ્રક તથા ટાટા ૪૦૭ વચ્ચે અકસ્માત સર્જાતા મગફળી ભરેલો ટ્રક પલટી ખાઈ જતા ટ્રક ચાલક નું દબાઈ જવાથી - ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ.સિકસલેનનું કામ ચાલુ હોય બનાવ નાં પગલે ટ્રાફિક જામ - થવા પામ્યો હતો.બનાવ ન ની જાણ થતા તાલુકા પોલીસ ઘટના સ્થળે -દોડી જઈ ટ્રક ચાલક નાં મૃતદેહ ને - ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ રીબડા નજીક સાંજે સાડાપાંચ નાં સુમારે રાજકોટ થી મગફળી ભરી ગોંડલ આવી રહેલ જીજેઓ ૩ એટી ૪૫૦૦ નંબરના ટ્રક અને ટાટા ૪૦૭ વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતા મગફળીની ગુણો ભરેલો ટ્રક પલટી મારી જતા ટ્રક ડ્રાઈવર ગોંડલ નાં ભોજરાજપરા



કુંભારવાડામાં રહેતા ભુપતભાઈ ઉર્ફે નિલેશભાઈ પોપટભાઈ ચૌહાણ ઉ.૪૭ નું ઘટનાસ્થળે ગંભીર ઈજાઓ ને કારણે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. અકસ્માત સર્જાતા નેશનલ હાઈવે પર ટ્રાફિક જામ થતા તે ક્લિયર કરાવવા પોલીસ ને પરસેવો વળી ગયો હતો.

અકસ્માત માં મૃત્યુ પામનાર ભુપતભાઈ ને સંતાનમાં એક દિકરેછે.તેઓ ડ્રાઈવિંગ નો વ્યવસાય કરતા હતા.ટ્રક ગોંડલ નાં મુકેશભાઈ રૈયાણીનો છે. અને ભુપતભાઈ તેમા આઠ વરસથી ડ્રાઈવિંગ કરતા હતા. અકસ્માત માં તેનું અકાળે મોત નિપજતા પરીવાર શોકમગ્ન બન્યો હતો. બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.


# વાંકાનેરમાં જમીન લે-વેચના પૈસા બાબતે વૃદ્ધને રસ્તામાં આંતરી બે શખ્સોએ માર માર્યો

વાંકાનેર તાલુકાના વાલાસણ ગામે રહેતા ખેડૂત વૃદ્ધને માટેલ અરણીટીંબા નજીક રોડ આંતરી બે ઈસમો દ્વારા જમીન લે-વેચના રૂપિયા આપવા છે કે નહીં તેમ કહી વૃદ્ધને લોખંડના પાઈપ અને લાકડાના ઢીકા હોકી જેવા હથિયારથી બેફામ માર મારી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા બે ઈસમો સામે ભોગ બનનાર વૃદ્ધ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના વાલાસણ ગામ જીવાપર રોફ સહકારી મંડળી આગળ રહેતા હુશેનભાઈ જલાલભાઈ ખોરજીયા ઉવ.૭૩ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી નજરૂદીનભાઇ ગનીભાઈ બાદી રહે.મહીકા ગામ તા.વાંકાનેર તથા અન્ય એક અજાણ્યા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈકાલ તા. ૨૩/૧૨ના રોજ હુશેનભાઈ પોતાનું વાહન લઈ અરણીટીંબા નજીક ડેરીએ દુધ આપી પરત પોતાના ઘરે વાલાસણ જતા હોય ત્યારે માટેલ અરણીટીંબા બોર્ડથી આગળ પીપળીયારાજ તરફ જાહેર રોડ ઉપર પહોંચતા ઉપરોક્ત આરોપીઓએ પોતાની કાળાકલરની ફોરવ્હીલ સાથે આવ્યા હતા અને હુસેનભાઈને રોકાવીને ગાડીમાંથી બળપૂર્વક નીચે ઉતારી આરોપી નજરૂદીનભાઈએ કહ્યું કે પજમીન લે વેંચના પૈસા આપવાના છે કે નહીંથ જે બાબતે હુસેનભાઈએ ના પાડતા ઉશ્કેરાઇ જઇ ભુંડી ગાળો આપી બંને આરોપીઓએ પોતાની પાસે રહેલ લાકડાના ધોકા હોકી જેવાથી તેમજ લોખંડના પાઇપ વતી હુસેનભાઈને પગમાં ફ્રેચર જેવી ઇજાઓ તેમજ ડાબા પગમાં મુંઢ તેમજ આરોપી અજાણ્યા શખ્સએ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી પોતાની ફોરવ્હીલ કાર લઇ નાશી ગયા હતા, જે મુજબની ફરિયાદને આધારે પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી આરોપીઓની અટકસચાત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીમાં જીલ્લા કક્ષાના યોગ એવોર્ડ માટે શ્રેષ્ઠ યોગ કોચ અને યોગ ટ્રેનરની પસંદગી કરવામાં આવશે

**મુખ્ય સમાચાર,મોરબી**

રાજ્ય સરકારના માર્ગદર્શન અનુસાર રમત- ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી વર્ષમાં તારીખ ૨૬ નવેમ્બર ૨૦૨૫ના રોજ યોગ એવોર્ડ આપવામાં આવશે. જેમાં ત્રણ કેટેગરીમાં યોગ એવોર્ડ આપવામાં આવશે. જે પૈકી શ્રેષ્ઠ યોગ કોચ તથા શ્રેષ્ઠ યોગ ટ્રેઈનરમાં મોરબી જીલ્લા કક્ષાએ કરવામાં આવશે. જ્યારે શ્રેષ્ઠ યોગ કો-ઓર્ડીનેટરની પસંદગી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પ્રત્યેક જીલ્લામાંથી આવેલા નામની દરખાસ્તના આધારે પસંદગી કરવામાં આવશે.જે અંતર્ગત મોરબી જીલ્લામાં શ્રેષ્ઠ યોગ કોચ તથા શ્રેષ્ઠ યોગ ટ્રેઈનર માટેની અરજી આગામી તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં જીલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, રૂમ



નંબર ૨૫૭, તાલુકા સેવા સદન, લાલબાગ, મોરબી- ૨ ખાતે કચેરી સમય દરમ્યાન મોકલી આપવાની રહેશે. અરજી કરતી વખતે નામ, ફોટો, સરનામું, મોબાઈલ નંબર તેમજ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન યોગ ક્ષેત્રમાં કરેલી પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ સાથે જોડીને અરજી કરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરજી કરનારી વ્યક્તિ યોગ કોચ કે યોગ ટ્રેઈનર ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સંકળાયેલા હોવા જોઈએ. તેમજ તેઓ યોગ બોર્ડનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. આ એવોર્ડ કેટેગરી પ્રમાણે એક જ વાર મળવાપાત્ર છે. જેમાં કોઈપણ ઉંમરની વ્યક્તિ અરજી કરી શકે છે. નોમિનેશન સમયે તેણે/ તેણીએ ઓછામાં ઓછા છેલ્લા ત્રણ વર્ષમાં યોગમાં યોગદાન આપેલું હોવું જોઈએ.

આ ઉપરાંત અધુરી વિગતોવાળી અરજી સ્વીકારવામાં આવશે નહીં. આ એવોર્ડ માટેની પસંદગી જીલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા મળેલી અરજીઓનું સ્ક્રિનિંગ કરીને પસંદગી કરવામાં આવશે. સુનિશ્ચિત સમય મર્યાદા બાદ આવેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. તેમ જીલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતી એચ.એ.વ્યાસ, મોરબીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઠંડી વધતા ગરમ કપડા બજારમાં લાવ લાવ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

છેલ્લા કેટલાક દિવસથી રાજકોટ સહિત સમગ્ર ગુજરાત તાપમાનનો પારો ગગડયો છે. રાજકોટમાં પણ તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ પહોંચ્યું છે ત્યારે શહેરીજનો એ ઠંડીથી બચવા ગરમ કપડા ખરીદવા દોટ લગાવી છે. ખાસ કરીને રાજકોટ શહેરમાં ભૂતખાના ચોકમાં આવેલ તિબેટીયન માર્કેટમાં છેલ્લા કેટલાક દિવસથી ગરમ કપડાની ધૂમ ખરીદી નીકળી છે સિક્કિમ અને હિમાચલ પ્રદેશથી આવતા તિબેટીયનો દ્વારા આ ગરમ કપડાનું વેચાણ થઈ રહ્યું છે


## રાજકોટ રેલવે સ્ટેશન પર લિફ્ટનું કામ કરતો યુવક ૨૦ ફટની ઊંચાઈથી પટકાતા મોત

### યુવાનના મૃત્યુથી બે પુત્રએ પિતાની છત્ર છાયા ગુમાવતા શ્રમિક પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ રાજકોટમાં લક્ષ્મીવાડી વિસ્તારમાં રહેતો યુવાન રેલ્વે સ્ટેશનમાં પ્લેટફોર્મ નંબર ચાર ઉપર લિફ્ટનું કામ કરતો હતો ત્યારે અકસ્માતે ૨૦ ફૂટ જેટલી ઊંચાઈએથી નીચે પટકાતા મોત નીપજ્યું હતું.યુવકના મૃત્યુથી બે પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ અંગે વિગત મુજબ મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ રાજકોટમા લક્ષ્મીવાડી વિસ્તારમાં રહેતો સુશીલ લાલજીભાઈ ચૌહાણ નામનો ૩૭ વર્ષનો યુવાન રેલવે સ્ટેશન ઉપર આવેલા પ્લેટફોર્મ નંબર ૪ પર લિફ્ટનું કામ કરતો હતો ત્યારે અકસ્માતે ૨૦ ફૂટ જેટલી ઊંચાઈએથી નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા શ્રમિક પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક સુશીલ ચૌહાણ મૂળ ઉત્તર પ્રદેશનો વતની હતો અને હાલ રાજકોટમાં રહી મજુરી કામ કરતો હતો અને તેને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે રેલવે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સ્ટર્લિંગ હોસ્પિટલની દિવાલ પાસે જ કચરાના ઢગલામાં આગ ભભૂકી : અફરાતફરીનો માહોલ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સ્ટર્લિંગ હોસ્પિટલની દિવાલ પાસે જ કચરાના ઢગલામાં આગ ભભૂકી ઉઠી હતી. જેના પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા, જોકે ફાયર બ્રિગેડે તુરંત દોડી જઈ આગ બુઝાવી હતી. આ અંગે રાજકોટ મહાનગરપાલિકાના ફાયર વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, આજે સવારે ૧૦.૦૫ વાગ્યે ફાયર બ્રિગેડને કોલ આવ્યો હતો કે, સ્ટર્લિંગ હોસ્પિટલની પાછળ આવેલા ક્વાર્ટરમાં હોસ્પિટલની દિવાલ પાસે થયેલા કચરાના ઢગલામાં આગ ભભૂકી છે. સ્ટર્લિંગ હોસ્પિટલના ડો.ધરમ દ્વારા માહિતી ફાયર બ્રિગેડને અપાઈ હતી. આ ખબર મળતા જ મવડી ફાયર સ્ટેશન અને રામદેવપીર ચોકડી ફાયર સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો. તત્કાલ પાણીનો મારો ચલાવ્યો હતો. આગ બુઝાવી હતી. કોઈ જાનહાની થઈ નહોતી. આ કામગીરીમાં ફાયર સ્ટાફના નરેન્દ્રસિંહ, અનિલભાઈ, વિશાલભાઈ, હરવિજયસિંહ ફરજ પર હતા.

## રાજકોટમાં હવે થશે રોબોટીક અસિસ્ટેડ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી

### સૌરાષ્ટ્ર–કચ્છમાં સૌપ્રથમવાર રાજકોટની પ્રભુકૃપા હોસ્પિટલમાં સુવિધા ઉપલબ્ધ કરાવતા જાણીતા ઓર્થો, સર્જન ડો.કેતન શાહ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આમ તો છેલ્લા કેટલાક વર્ષથી ગોઠણ ની સમસ્ત ધરાવતા દર્દીઓની સંખ્યામાં ભારે વધારો જોવા મળ્યો છે. સમય અનુસાર તેની સારવારમાં પણ તબીબી સારવારની સાથે સાથે ટેકનોલોજીનો ઉપયોગ થતો જોવા મળ્યો છે. પરંતુ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના દર્દીઓ માટે બહુ રાહતના સમાચાર છે. રાજકોટની પ્રભુકૃપા હોસ્પિટલમાં સૌપ્રથમ રોબોટિક અસિસ્ટેડ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી હવે ઉપલબ્ધ બની છે.આ સુવિધા ઉપલબ્ધ બનાવવાનું શ્રેય ખ્યાતનામ ડો. કેતનભાઈ શાહ ને ફાળે જાય છે.

રોબોટિક આસિસ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી અંગે યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને સંબોધિત કરતા ડોક્ટર કેતન સાહેબ જણાવ્યું હતું કે આ નવી ટેકનોલોજી દર્દીઓ માટે વરદાનરૂપ છે. અહી સર્જરી દરમિયાન દર્દીઓને કોઈ પેઈન પણ થતું નથી. અને શ્રેષ્ઠ રિઝલ્ટ મળે છે અને દર્દીને એક જ દિવસમાં સંપૂર્ણ સ્વસ્થ થઈ જાય છે.

ડો.કેતન શાહે જણાવ્યું હતું કે અમેરિકન બનાવટના આ રોબોટિક મશીન દ્વારા સૌરાષ્ટ્રના દર્દીઓની સારવાર હવે શક્ય બને છે કારણ કે ગુજરાતમાં હાલ માત્ર અમદાવાદ અને હવે રાજકોટ ખાતે આ મશીન થકી સારવાર ઉપલબ્ધ બની છે. આ મશીન ટકી ચાર વાર કરવામાં આવે તો દર્દીઓને સંપૂર્ણ મળી રહે તેટલું સારું રિઝલ્ટ આપી શકાય છે.

૨૦૦૬ માં ડો. કેતન શાહ એ જનરલ ઓર્થોપેડિક પ્રેક્ટિસ ને છોડીને એક્સક્લુઝીવ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તે સમયમાં આ પ્રકારનો કોન્સેપ્ટ સૌરાષ્ટ્રમાં પ્રચલિત ન હતો, પરંતુ એવા અસંખ્ય દર્દીઓ કે જેવો સાંધાના રોગ અને પીડાથી લાચારી અનુભવતા હતા, તેમને પોતાની સારવાર અર્થે અમદાવાદ કે મુંબઈ જેવા મહાનગરોમાં જવું પડતું હતું. આવા સેન્ટરોમાં આ પ્રકારની સારવાર મેળવવી એક સામાન્ય નાગરીક માટે અતિશય ખર્ચાળ પણ હતી.

પરંતુ પ્રભુકૃપા હોસ્પિટલમાં ડો. કેતન શાહ દ્વારા જોઈન્ટ રિપ્લેસમેન્ટ ક્ષેત્રે એક આગવું સ્થાન ધરાવતા થયા અને ખાસ કરીને કોઈપણ કારણોસર નિષ્ફળ ગયેલ પ્રાથમિક જોઈન્ટ રિપ્લેસમેંટ સર્જરી માટે ખૂબ જટીલ મનાતી રિવિઝન જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી માટે તેમની સફળતા નોંધનીય છે. ડો .કેતન શાહ દ્વારા મુશ્કેલ સ્થિતિઓ જેમ કે બંને ગોઠણના, બંને થાપાના રિપ્લેસમેન્ટ, અડધો સાંધાના ઓપરેશન એક સાથે કરવા, સંધિવાના દર્દીઓ માટે રિપ્લેસમેન્ટ કરવું ગોઠણ કે થાપાના ઘસારાની સાથે સંલગ્ન હાડકા ફ્રેક્ચર હોય અને તેમાં રિપ્લેસમેન્ટ ઓપરેશન કરવામાં પોતાની આગળ સર્જીકલ ટેક્નિકને હિસાબે ડો. કેતન શાહ અદભુત પરિણામ આપતા રહ્યા અને એવા ઘણા દર્દીઓને પીડારહિત નવી જિંદગી પણ બક્ષી.

ટેકનોલોજીના આગ્રહી અને દુનિયાની સાથે હંમેશા અપડેટેડ રહેવું એવી ભેખ ધરનારા ડો. કેતન શાહ હાલમાં વિશ્વનું સૌથી એડવાન્સ અને સર્વોચ્ચ રોબોટ લઈને આવ્યા છે. આ પ્રકારની ટેકનોલોજી માનવજાત માટે આશીર્વાદ સ્વરૂપ છે. જોઈન્ટ રિપ્લેસમેન્ટ ક્ષેત્રે આ રોબોટ જે અમેરિકાની ખ્યાતનામ કંપની સ્ટ્રાઇકર તરફથી વિકસાવેલ છે અને આજની તારીખનું મોસ્ટ એડવાન્સ છે.

તેનું નામ મેકો છે. મેકો સ્માર્ટ રોબોટ છે. મેકો સ્માર્ટ રોબોટ ના સહયોગથી થતા જ રિપ્લેસમેંટ ઓપરેશનના મુખ્ય ફાયદા ચોકસાઈ, એક્યુરેસી, પ્રોસીઝર, નાનો લોહીની નહીવત બગાડ, ખુબ ઓછી હાડકાનું ઓછું કપાવું સ્નાયુઓ લિગામેન્ટની બિલકુલ ઈજા ન થવી, દર્દીઓ માટે કસ્ટમાઈઝડ ટ્રેલરમેડ સારવાર ઉપલબ્ધ હોવી, ઝડપી રિકવરી, પીડા રહિત ફિઝીયોથેરાપી અને રિહેબિલિટેશન જેવા મુદ્દાઓ કહી શકાય, પ્રભુકૃપા હોસ્પિટલને સૌરાષ્ટ્રની પ્રથમ અને એકમાત્ર હોસ્પિટલ છે કે જ્યાં આ પ્રકારની રોબોટિક જોઈન્ટ પ્લેસમેન્ટ સર્જરીની સુવિધા ઉપલબ્ધ બની છે.

આ મેકો સ્માર્ટ રોબોટિકના આગમનથી ડો. કેતન શાહના સફળતાના મુગટમાં વધુ એક યશકલગી નો ઉમેરો થયો છે. અને આ સાથે તેમને પણ ખૂબ બહુ જવિશ્વાસ અને ભરોસાથી એ વાત વર્ણવી છે કે આ ટેકનોલોજી થી આપણી જનતા, આપણી પ્રજા અને આપણા લોકોને વિદેશમાં જે લાભ મળે છે તે હવે અહી ઉપલબ્ધ બનશે. એવા અસંખ્ય દર્દીઓ જેઓને આ પ્રકારની અધ્યતન ટેકનોલોજીનો લાભ લેવા છે .



(તસ્વીરઃ આનંદ જાવિયા)

પરંતુ જે અત્યાર સુધી આપણા શહેર રાજકોટમાં ઉપલબ્ધ જે ન હતું તે હવે પ્રભુકૃપા હોસ્પિટલ ખાતે ખૂબ જ વ્યાજબી કિંમતે અને વર્લ્ડ ક્લાસ અને ઈન્ટરનેશનલ લેવલની સારવાર મળી શકશે.

ડોક્ટર કેતન શાહ એ આવનારા ૨૦ વર્ષમાં જોઈન્ટ રિપ્લેસમેન્ટ ના દર્દીઓની સંખ્યામાં ઘણો વધારો થવાની વાત પણ કરી હતી તેમણે જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં પાંચ વ્યક્તિએ એક વ્યક્તિને આ સમસ્યાનો સામનો કરવો પડી શકે તેમ છે તેના માટે રહેણીકહેણી બેઠાડું જીવન ખોરાક ની પસંદગી તેમજ કસરતનો અભાવ મુખ્ય કારણ હોવાનો પણ જણાવ્યું હતું.

તુલી ઓર્થોપિક્સના તુષાર લુણાગરિયા એ પણ જોઈન્ટ રિપ્લેસમેન્ટની ટેકનીકલ બાબતો ઉપર પ્રકાશ ફેંક્યો હતો અને આ મશીન સૌરાષ્ટ્રમાં હવે રાજકોટ ખાતે પ્રભુ કૃપા હોસ્પિટલમાં ઉપલબ્ધ બનતા સારવારમાં વધારે એક્યુરસી મેળવી શકાશે.

## છેલ્લા સપ્તાહમાં ઝાડા-ઉલ્ટી-તાવ-શરદી-ઉધરસના ૨૦૬૧ કેસ

### ઠંડીમાં મચ્છરો ધ્રુજયા ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોડના કેસ ઘટયા : મચ્છરજન્યના ૬ દર્દી તંત્રના ચોપડે નોંધાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં દીવસે ને દીવસે મચ્છરજન્ય ડેન્ગ્યુના કેસમાં ઘટાડો થતો જોવા મળે છે. જયારે શરદી,તાવ, ઝાડા,ઉલ્ટીના ૨૦ વધુ દર્દી મનપા તંત્રનાં ચોપડે નોંધાયા છે.

શહેરમાં છેલ્લા અઠવાડીયામાં મચ્છરજન્ય રોગ સાથો સાથ પાણીજન્ય રોગે માથુ ઉંચકયું છે. ઉપરાંત ટાઈફોઈડના પણ દર્દી નોંધાયા છે. આ અંગે મ્યુ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા. ૧૬ થી ૨૨ ડિસેમ્બર સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત આ મુજબ છે.

છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૪, મેલેરીયાના , તથા ચિકનગુનીયાના-૧ કેસ નોંધાયા છે. સીઝનનાં મેલેરીયાના ૪૨, ડેન્ગ્યુના ૩૯૩ તથા ચિકનગુનિયાના ૪૧ કેસ નોંધાયા છે. ડેન્ગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતા હોવાથી વધુ લોકો હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનું જોખમ વધુ રહે છે.

શહેરમાં શરદી-ઉધરસના કેસ ૧૦૩૨ તેમજ સામાન્ય તાવના ૮૩૮ અને ઝાડા-ઉલ્ટીના કેસ ૧૮૬ કુલ ૨૦૫૫ થી વધુ દર્દીઓ નોંધાયા હતા. જયારે સીઝનમાં શરદી-ઉધરસના કેસ ૫૦,૮૫૭ તેમજ સામાન્ય તાવના ૨૩,૮૮૧ અને ઝાડા-ઉલ્ટીના કેસ ૧૨,૪૭૩ તથા ટાઈફોડનાં ૧૦૧ તથા કમળાના ૭, મરડાનાં ૧ તથા કોલેરાના ૬ કેસ નોંધાયા છે.

રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ધનીષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૩૨,૮૦૭ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે



તથા ૭૪૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૦૦થી વધુ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ દેખાતા ૩૮૧ લોકોને નોટીસ પાઠવી હતી. પાણીની સિમેન્ટની ટાંકી, સિન્ટેક્ષાની ટાંકી, બેરલ, કેરબા તથા અન્ય પાણી ભરેલ તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખીએ. હવાચૂસ્ત ઢાંકણ ન હોય તો કપડાથી હવાચુસ્ત ઢાંકીને રાખીએ. પશુઓને પાણી પીવાની કુંડી, અવેડા દર અઠવાડિયે નિયમિત ખાલી કરી ઘસીને સાફ કરીએ. ફ્રિજની ટ્રે, માટલા, કુલર, ફુલદાની, પક્ષીકુંજ વગેરેનું પાણી નિયમિત ખાલી કરી, ઘસીને સાફ કરીએછોડના કુંડામાં જમા રહેતા વધારાનો પાણીનો નિકાલ કરીએ. ડેન્ગ્યુના મચ્છર દિવસે કરડતા હોવાથી દિવસ દરમ્યાન પુરૂ શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા.

## લાભાર્થી પરિવારના પુખ્ત સંતાનોને પણ મળશે સરકારી આવાસ

### સંતાનોએ મા–બાપથી અલગ પોતાની આવક બતાવવી પડશે, અવિવાહિત ને પણ લાભ મળવા પાત્ર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં કોર્પોરેશનની હદમા વસવાટ કરતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સરકારની અલગ અલગ યોજના અંતર્ગત સસ્તાભાવે આવાસ ફાળવવામાં આવી રહ્યા છે. જેમાં મુખ્યમંત્રી, પ્રધાનમંત્રી અને સ્માર્ટઘર યોજના અંતર્ગત નવી આવાસ યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે. પરંતુ એક પરિવારને આવાસ મળ્યા બાદ તેમના સંતાનોને આવાસ મળે કે કેમ તે અંગે લોકો અવઢવમાં મુકાયા હતાં. જેનું નિરાકરણ આવાસ યોજના વિભાગે લાવી જણાવ્યું છે કે, લાભાર્થીના પુખ્તવયના સંતાનોને પણ આવાસ યોજનાનો લાભ મળી શકશે પરંતુ સંતાનોએ મા-બાપથી અલગ પોતાની આવક આવાસ યોજનાના નિયમ મુજબ બતાવવી પડશે. શહેરના અનેક મોટા પરિવારો કે જેઓ મહાનગરપાલિકાનું આવાસ ધરાવતા હોય તેમના પરિવારના પુખ્તવયના સંતાનો માટે આવાસ યોજનાનું ફોર્મ ભરી શકાય કે નહીં તેવો પ્રશ્ન ઉભો થયો હતો અગાઉ સરકારે આ મુદ્દે પુખ્તવયના સંતાનોને આવાસ મળશે તેવી જાહેરાત કરેલ છતાં અનેક મોટા પરિવારોના સંતાનો માટેનો ઈસ્યુ ઉભો થયો હતો. જે અંગે આવાસ યોજના વિભાગમાં પુછપરછ કરતા માલુમ પડેલ કે, સરકારે આવાસ યોજનાના નિયમોમાં ફેરફારો કરી લાભાર્થી પરિવારના પુખ્તવયના સંતાનોને પણ આવાસ યોજનાનો લાભ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આવાસ યોજાનાના નિયમો મુજબ જે લાભાર્થી પાસે આવાસ હોય અને તેમના પુખ્તવયના સંતાનોએ આવાસ યોજનાનું ફોર્મ ભરવું હોય ત્યારે હયાત લાભાર્થીએ દર્શાવેલ વાર્ષિક આવકથી અલગ સંતાનોએ પોતાની આવક બતાવવી પડશે તેવી જ રીતે પોતાની આવક મુજબનું પણ રિટર્ન તૈયાર કરવું પડશે. સરકારના નિયમ મુજબ પુખ્તવ્યક્તિ પોતાની રિતે કમાઈને આવાસના હપ્તા ભરી શકવા સક્ષમ છે તેવું સાબિત કરવાનું રહેશે. અને આ મુજબના દરેક પુખ્તવયના સંતાનો આવાસ યોજનાનું ફોર્મ ભરી શકશે.



આવાસ યોજનામાં ફોર્મ ભરતી વખતે પુરુષ પરણેલો હોવો જોઈએ અને તેનો પરિવાર હોય તેવું લોકો માને છે જેની સામે આવાસ યોજનાના નિયમ મુજબ કોઈપણ લાભાર્થીના સંતાનો પુખ્તવયના થાય જેમાં પુત્ર અપરણીત હોય ત્યારે પણ સેપ્રેટ આવક્ના પુરાવા હોય તો તેને આવાસ મળવા પાત્ર છે.

તેવી જ રીતે લાભાર્થીની પુત્રીને પણ આવાસ મળવા પાત્ર છે. આથી હવે આવાસ ધરાવતા દરેક પરિવારના પુખ્ત સંતાનોને નવી આવાસ યોજનામાં ફોર્મ ભરવાની લીલી ઝંડી મળી ગઈ છે. પરંતુ આવાસ યોજનાના નિયમોને અનુસરવાનું રહેશે. તેમ આવાસ યોજના વિભાગમાંથી જાણવા મળેલ છે.

## સૌરાષ્ટ્ર - ગુજરાત ઠંડીમાં આંશિક વધારા સાથે સતત બીજા દિવસે ધાબડીયુ હવામાન

### ભેજવાળુ વાતાવરણ અને પવનના કારણે ઠારનો અનુભવ કરતા લોકો : ગરમ વસ્ત્રોમાં ઢંકાયેલું જનજીવન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સતત બીજા દિવસે ધાબડિયા વાતાવરણ વચ્ચે ઠંડીમાં આંશિક વધારો થયો હતો. આજે સવારે નલિયા ખાતે ૭.૫ અને રાજકોટમાં ૯ ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. તેમજ આજે સવારે અમદાવાદ ખાતે ૧૨.૭, અમરેલીમાં ૧૧.૮, વડોદરામાં ૧૪.૨, ભાવનગરમાં ૧૩.૫, ભુજમાં ૧૦.૬, ડિસામાં ૧૨.૮, દિવમાં ૧૩.૨, દ્વારકામાં ૧૪.૫, ગાંધીનગરમાં ૧૧, કંડલામાં ૧૩, પોરબંદરમાં ૧૧, સુરતમાં ૧૬.૮ તથા વેરાવળમાં ૧૩.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

દરમ્યાન સૌરાષ્ટ્ર સહિત અમરેલી જિલ્લાના ગીરકાંઠાના વિસ્તારોમાં બપોર સુધી વાતાવરણમાં ધુમ્મસનું સામ્રાજય જોવા મળ્યું હતું. સાવરકુંડલાના ગીરકાંઠાના વિસ્તારોમાં આકાશમાં ધુમ્મસસર્જાતા વિઝીબિલિટી પર અસર વર્તાઈ હતી.

સૌરાષ્ટ્રમાં કોલ્ડ વેવની ચેતવણી વચ્ચે અચાનક આજે સવારમાં ધુમ્મસ વધતા અમરેલી સહિત સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં ભેજ વાળું આવરણ છવાઈ ગયું હતું અને પવનના કારણે વાતાવરણમાં ઠંડી યથાવત રહી છે. આગામી દિવસોમાં હવામાન પલટા સાથે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠાની આગાહી કરવામાં આવી છે.

જયારે સૌરાષ્ટ્રના ૪ જિલ્લાઓમાં કોલ્ડવેવની ચેતવણી પણ આપવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું મોજું યથાવત રહ્યું છે તો રાજકોટ, કેશોદમાં તાપમાન સિંગલ આંકડામાં પહોંચી ગયું છે.

ગિરનાર ઉપર પારો ૫ ડીગ્રીએ પહોંચી જતા પર્વત થીંગરાયો હતો. જયારે અમરેલીમાં ૧૧ ડિગ્રી નોંધાયું છે. નાતાલથી બે દિવસ સૌરાષ્ટ્ર, કચ્છમાં અને રાજયમાં હવામાન પલટા સાથે માવઠું પડવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સવારે અમરેલી શહેરમાં ધુમ્મસ જોવા મળ્યું હતુ તો સાવરકુંડલા પંથકના ગીરકાંઠાના વિસ્તારોમાં વહેલી સવારથી લઈ બપોર સુધી વાતાવરણમાં ધુમ્મસનું સામ્રાજય જોવા મળ્યું હતુ જેના કારણે વિઝીબિલિટી પર પણ અસર જોવા મળી હતી.




તથા જામનગરમાં ગાઢ - ધુમ્મસ સાથે ઠંડી વધતા લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી ઘટીને ૧૨.૮ ડિગ્રીએ પહોંચી ગયું હતું. દિવસભર ટાઢોડું રહેતા ઠંડીથી બચવા લોકો ઘરમાં રહેતા માર્ગો સૂમસામ જોવા મળ્યા હતાં. વાદળછાયા વાતાવરણથી ભેજનું પ્રમાણ ૨૭ ટકા વધી ગયુ હતું.શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાન ૧૨.૮ ડિગ્રી અને મહતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૩.૯ કિમિ રહી હતી.

## કર્મજ્ઞાનના અભ્યાસ વડે હવે ડિપ્રેશનને કહો બાય બાય

### આગામી તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૫ ના કર્મયોગી ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા કર્મજ્ઞાન પર નિઃશુલ્ક સુંદર વક્તવ્ય અપાશે : રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિંદગી ખૂબસૂરત છે પરંતુ કર્મજ્ઞાનના અભાવ અને સમજ ના હોવાને કારણે ઘણીવાર વ્યકિતને પોતાની જિંદગી ભારરૂપ લાગે છે જેને કારણે આજે સમગ્ર દેશમાં અને વિશ્વમાં આપઘાતનું, માનસિક તણાવ, આતંકવાદ, ભ્રષ્ટાચારનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે જેમાંથી છુટકારો મેળવી જીવનની દરેક ક્ષણને મોજથી વિતાવવા કર્મજ્ઞાનને સમજી જીવનમાં ઉતારવું અત્યંત જરૂરી છે આ માટે કર્મયોગી અને મોટીવેશન ગુરુ ડોકટર રાજીવ મિશ્રા છેલ્લા ૧૫ વર્ષથી સતત



કાર્યશીલ અને પ્રયત્નશીલ છે ખુશ થઈને કામ કરશો તો ખુશી અને સફળતા બંને મળશે આ ચમત્કારિક સૂત્ર ના રચયિતા ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા આગામી તારીખ પાંચ જાન્યુઆરી ૨૦૨૫ ને સવારના સવારે સાત થી નવ કલાક દરમિયાન કર્મજ્ઞાન પર તદ્દન નિશુલ્ક સેમિનારનું આયોજન હાથ ધરાયું છે ડોક્ટર મિશ્રા દ્વારા કર્મજ્ઞાન પર દરેક વ્યક્તિ સમજી શકે તેવી ભાષામાં વ્યાખ્યાન આપવામાં આવશે જેનું સ્થળ ઈવનિંગ પોસ્ટ જુબેલીબાગ સામે રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંક પાસે રહેશે આ મોજ ના વિજ્ઞાન ને લગતા સેમિનારમાં હાજર રહેવા રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે જે માટે whatsapp નંબર ૮૫ ૧૧ ૮ ૨૯ ૦૦૨ નો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવુ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરના મુખ્ય સર્કલો પર ટ્રાફિક પોલીસની ડ્રાઈવઃ ૨૦૩ કેસ કરી સાત વાહન ડિટેઈન કર્યા




શહેરમાં દરરોજ સાંજે બે કલાક ટ્રાફિક બ્રાંચ દ્વારા ડ્રાઈવ યોજવામાં આવે છે. જેમાં દારૂ પી વાહન ચલાવતા સામે તેમજ ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં છે. રાતે આઠથી દસ સુધી ગ્રીનલેન્ડ ચોકડી, અમુલ સર્કલ, સૌરઠીયાવાડી સકલ અને ગુંદાવાડી પોલીસ ચોકી પાસે તેમજ કોટેચા ચોક, કોસ્મો ચોકડી પાસે અને કિસાનપરા ચોક તેમજ પટેશ્વર ટી–પોઈન્ટ પાસે ડ્રાઈવ યોજાઈ હતી જેમાં કુલ ૨૦૩ કેસ કરી ૯૫૧૦૦નો દંડ વસુલાયો હતો જેમાં સાત વાહનો ડિટેઈન કરાયા હતા. ૧૬૩ વાહન ચાલકોને બ્રીધ એનલાઈઝરથી ચેક કરવામાં આવ્યા હતાં. જો કે આમાંથી કોઈ દારૂ પીધેલું મળ્યું નહોતું ડીસીપી પૂજા યાદવ એસીપી જે બી ગઢવીની રાહબરી હેઠળ ટ્રાફિક બ્રાંચના તમામ પીઆઈ અને તેમની ટીમોએ આ કામગીરી કરી હતી.

# નવાગામમાં બાળ લગ્ન કરાવનાર વરરાજા–કન્યાના માતા–પિતા અને ગોર મહારાજ વિરૂદ્ધ ગુનો નોંધાયો

## વર્ષ ૨૦૨૨ માં ૧૭ વર્ષની સગીર દિકરીના લગ્ન ભાવનગરના રંઘોળા ગામના યુવાન સાથે કરી નાંખ્યા હતાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવાગામમાં વર્ષ ૨૦૨૨ માં ૧૭ વર્ષની સગીર દિકરીના લગ્ન ભાવનગરના રંઘોળા ગામના યુવાન સાથે કરી નાંખનાર વરરાજા–કન્યાના માતા–પિતા અને ગોર મહારાજ વિરૂદ્ધ સમાજ સુરક્ષા અધિકારીએ કુવાડવા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

બનાવ અંગે રાજકોટ સમાજ સુરક્ષા અધિકારી અને બાળ લગ્ન પ્રતિબંધિક અધિકારી તરીકે ફરજ બજાવતાં સંતોષભાઈ રાઠોડએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વરરાજા અશોક દેવા મેટાડીયા, વરરાજાના પિતા દવશીભાઈ મેટાળીયા, વરરાજાની માતા જયાબેન (રહે. ત્રણેય રંધોળા, ભાવનગર), કન્યાના પિતા અમરશીભાઈ રાઠોડ, માતા મંજુબેન અને ગોર મહારાજ મુકેશ લીલાધર મહેતા (રહે. નવાગામ) નું નામ આપતાં કુવાડવા રોડ પોલીસે બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓની કચેરીમાં એક મહિલાએ તા.૧૩/૦૪/૨૦૨૨ ના બાળ લગ્ન થયા અંગેની અરજી કરેલ હતી. જે અંગે તપાસ કરવામાં આવતાં જેના બાળ લગ્ન થયેલ હતા તે નવાગામમાં રહેતી દિકરીને કચેરીએ રૂબરૂ બોલાવી પુછપરછ કરતા જણાવેલ હતુ કે, પોતાના લગ્ન તા ૦૨/૦૨/૨૦૨૨ ના નવાગામ (આંણદપર) માં રંઘોળા ગામના પુત્ર અશોક સાથે બંને પરીવારની હાજરીમાં થયેલ હતા. જે તપાસમાં દિકરીના જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર માંગવામાં આવતા જેમાં કન્યાની ઉંમર લગ્ન તારીખ ૦૨/૦૨/૨૦૨૨ ના તા.૨૭/૦૨/૨૦૦૫ હોય જે મુજબ લગ્નના દિવસે ૧૬ વર્ષ ૧૧ માસ અને ૦૬ દિવસ હતી. તેમજ વરરાજા અશોકની ઉંમર લગ્નના દિવસે ૨૮ વર્ષ ૧૨ દિવસ હતી. જેથી લગ્ન બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ભંગ કરીને ગુન્હો કરવામાં આવેલ હતો. જે બાદ કન્યાના પિતા અમરશીભાઈ રાઠોડ અને માતા મંજુબેન રાઠોડનું સયુક્ત નિવેદન તા.૧૭/૦૫/૨૦૨૨ ના લેવામાં આવેલ છે. જેમાં પોતાની પુત્રીના લગ્ન રંઘોળાના રહીશ દેવશીભાઈ મેટાળીયાના પુત્ર અશોક સાથે પોતાના નિવાસ સ્થાને તા.૦૨/૦૨/૨૦૨૨ ના હિન્દુ શાસ્ત્રોક્ત વિધીથી કરવામા આવેલ હતા. તેમજ નિવેદનમાં તેઓએ પોતાની પુત્રીના બાળ લગ્ન થયાનું જણાવેલ છે. ઉપરાંત વરરાજાના પિતા દેવશીભાઈ મેટાળીયાનું નિવેદન તા.૧૭/૦૫/૨૦૨૨ નાં લેવામાં

તેમજ વરરાજા અશોકભાઈ મેટાળીયાનું નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ જણાવેલ કે અમરશીભાઈ રાઠોડની પુત્રીના લગ્ન પોતાની સાથે તારીખ ૦૨/૦૨/૨૦૨૨ ના કરવામાં આવેલ હતા. જે પંચની હાજરીમાં તમામના નિવેદન નોંધવામાં આવ્યાં હતા. તેમજ બાળ લગ્ન કરાવનાર ગોર મહારાજ મુકેશભાઈ મહેતાનું નિવેદન તા.૧૭/૦૫/૨૦૨૨ ના લેવામાં આવેલ.

જેમાં તેઓએ જણાવેલ કે, નવાગામના રહીશ અમરશીભાઈ રાઠોડની પુત્રી (ઉ.વ.૧૭) ના લગ્ન ભાવનગરના રહીશ દેવશીભાઈ મેટાળીયાના પુત્ર અશોક સાથે કરવામાં આવેલ હતા. જેમાં લગ્નવિધી પોતાના દ્વારા કરવામાં આવેલ હતી. કન્યા પક્ષ તરફથી રૂ.૧૧૦૦ અને વર પક્ષ તરફથી રૂ. ૩૫૧ દક્ષીણા મળેલ હતી. બાળ લગ્ન અંગેની ફરીયાદ મહિલા પાસે લગ્ન અંગે પુરાવા માંગતા તેઓએ તા. ૨૯/૧૧/૨૦૨૨ ના લગ્નના ફોટોગ્રાફ રજુ કરેલ હતા. જેથી બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# પોલીસ લખેલી નેમપ્લેટ કારમાં રાખી રોફ જમાવવા નીકળેલો શખ્સ પકડાયો

■ રેલનગરના શખસને ચોટીલા નજીકથી નાની મોલડી પોલીસે ઝડપી ગુનો નોંધ્યો




**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસમાં ન હોવા છતાં રોફ જમાવવા અનેક નબીરાઓ કારની આગળ પોલીસ લખેલી નેમ પ્લેટ લગાવીને નીકળી પડતા હોય છે.ત્યારે રાજકોટમાં રેલનગરમાં રહેતો શખસ પોતાની કારમાં પોલીસની નેમ પ્લેટ લગાવીને નીકળતા ચોટીલા નજીકથી નાની મોલડી પોલીસે દબોચી ગુનો નોંધ્યો છે.વિગત મુજબ નાની મોલડી પોલીસનો સ્ટાફ ચોટીલા હાઈવે પર વાહન ચેકિંગ કામગીરી કરતા હતા.તે સમયે રાજકોટ તરફથી કાર પસાર થતાં તેમાં ડેશ બોર્ડ પર પોલીસ લખેલી પ્લેટ જોતા તેને અટકાવી કારચાલક પૂછપરછ કરાઈ હતી. ત્યારે આ શખસ રાજકોટના રેલનગર રહેતા કેતનભાઈ કિશોરભાઈ અગ્રાવત હોવાનું જણાવ્યું હતું. પોલીસ લખેલી પ્લેટ રાખવા બાબતે માહિતી ન હોવાનું જણાવતા ખોટી રીતે પોલીસ પ્લેટનો ઉપયોગ કરવા બદલ તેના વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં શુક્રવારે ગ્રીનલેન્ડ ચોકડીથી મોરબી રોડ તરફ જતા રસ્તે ભાજપ મંત્રી લખેલી નેમ પ્લેટ લગાવી એક શખ્સ કાર લઈ નીકળ્યો હતો અને પોલીસે કારમાં તપાસ કરતા દારૂની બોટલ મળી આવી હતી.

# રૈયા રોડ પર વેપારી પર જીવલેણ હુમલો કરનારને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

## અમારાથી ભુલ થઇ ગઇ કાયદો ક્યારેય હાથમાં નહિ લઇએ પોલીસે બેલડીને ભાંભરડા નખાવ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલ પરિશ્રમ રેસ્ટોરન્ટ પાસે નજીવી બાબતે ફ્રુટની લારી લઈને વેપાર કરતા યુવક પર રીક્ષામાં ધસી આવેલા બે શખ્સોએ છરી વડે જીવલેણ હુમલો કરવાની ઘટનામાં યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે ગણતરીની કલાકોમાં જ આરોપીઓને દબોચી જરૂર પડતી ભાષામાં સમજાવી ઘટના સ્થળે લઈ જતા આરોપીઓએ એક જ સૂરમાં રટણ કર્યું હતું કે, અમારી ભૂલ થઈ ગઈ સાહેબ અમે કાયદો કોઈ દિથ હાથમાં નહિ લઈએ.

વિગતો મુજબ, રૈયા રોડ પર આરએમસી ક્વાર્ટરમાં રહેતા અને આલાપ ગ્રીન સિટી નજીક ફ્રુટની લારી લઈને વેપાર કરતા અંકિત ભીખુભાઈ સોલંકી (ઉ.વ.૨૦) નામના યુવકે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, રવિવારે તે ઘરે જમવા ગયેલ ત્યારે રીક્ષા ચાલક અમીન કટારીયાએ અને તેના કાકી નીતાબેન વચ્ચે બેદરકારીથી રીક્ષા ચાલવા બાબતે ઝઘડો ચાલુ હોય જેથી યુવકે મધ્યસ્થી કરીને બંનેને છૂટા પાડી સમાધાન કરાવ્યું હતું. જેનો ખાર રાખીને અંકિત પોતાની ફ્રુટની લારીએ હતો ત્યારે રીક્ષામાં ખુલી છરી લઈને ધસી આવેલા આરોપી અમીને કટારીયા, અહેમદહુસૈન કટારીયાને જોઈને અંકિત જીવ બચાવવા દોડયો હતો.

આરોપીએ અંકિતની પાછળ રીક્ષામાં પારિજાત સોસાયટી નજીક તેને આંતરી છરીના ૪–૫ ઘા ઝીંકી દીધા હતા. યુવકને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં પોલીસે યુવકનું નિવેદન નોંધી



આરોપીઓ સામે હત્યા પ્રયાસની કલમ હેઠળ ગુન્હો નોંધી ગણતરીની કલોકોમા જ બંનેની ધરપકડ કરી લીધી હતી.

જે બાદ ગૃહમંત્રી હર્ષ સંઘવીના સુચનનું પાલન કરીને બંને આરોપીઓને કાયદાની ભાષા વ્યવસ્થિત રીતે પોલીસે સમજાવ્યા બાદ બંને આરોપીઓને ઘટના સ્થળે લઈ જતા બંને આરોપીઓ અહીં હાજર લતાવાસીઓની સામે હાથ જોડી અમારી ભૂલ થઈ ગઈ અમે કાયદો કોઈ દિવસ હાથમાં નહિ લઈ તેવું રટણ કરતા નજરે પડયા હતા.

# રાજકોટ પોલીસે પકડેલો ૬૨૦ કીલો માદક પદાર્થનો નાસ કરાયો

## રાજકોટથી ભૂજ સુધી જથ્થો પહોંચાડવા માટે ડીસીપી, એસીપી, પીઆઈ સહિતના અધિકારીઓ ઉપરાંત 30થી વધુનો સ્ટાફ રહ્યો સાથે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી ડ્રગ્સ, ગાંજો, ચરસ, અફિણ સહિતના નશીલા પદાર્થની હેરાફેરી વધી રહી હોય પોલીસ અને તેમાં પણ ખાસ કરીને એસઓજી દ્વારા પબાજનજરથ રાખીને એક બાદ એક ખેપને નિષ્ફળ બનાવવામાં આવી રહી છે.





દરમિયાન છેલ્લા અઢી વર્ષની અંદર પોલીસના કબજામાં રહેલો ૬૨૦ કિલો જેટલો ગાંજો, ચરસ, અફીણ, મેફેડ્રોન સહિતનો નશાનો સામાન ૧૨૦ મિનિટની અંદર જ સ્વાહા કરી દેવામાં આવ્યો હતો.

રાજકોટ શહેર ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીના વડા અને ડીસીપી ઝોન–૨ જગદીશ બાંગરવાના વડપણ હેઠળ એસીપી ક્રાઈમ બી.બી.બસીયા, એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા તેમજ એસઓજી સ્ટાફ દ્વારા ભારે કુનેહપૂર્વક નશાના આ જથ્થાને ભૂજના કટારિયા ગામે આવેલા મે.સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા.લિ.ની ભઠ્ઠી સુધી પહોંચાડવામાં આવ્યો હતો. રાજકોટથી ભુજનું અંતર ઘણું લાંબુ હોય તે અંતર કાપવામાં કોઈ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૩૦થી વધુ જવાનોનો બંદોબસ્ત તૈનાત રાખવામાં આવ્યો હતો.

ગુજરાતની કોઈ પણ પોલીસ ગાંજા, મેફેડ્રોન સહિતના પકડેલા ડ્રગ્સનો નાશ કરવા માંગે તો તેના માટે સરકાર દ્વારા બે કંપની નક્કી કરેલી છે જેમાં એક દહેજ અને બીજી ભૂજના જૂના કટારિયા ગામે આવેલી છે. અહીં સિવાય બીજે ક્યાંય નાશ કરી શકાતો નથી.

આ રીતે ૭૧ ગુના નોંધીને એસઓજી દ્વારા ૫૫,૯૪,૬૭૦ની કિંમતનો ૫૫૯.૪૬૭ કિલોગ્રામ ગાંજો, ૧૧૦૬૦ની કિંમતના ૧.૧૦૬ કિલોગ્રામ ગાંજાના લીલાછોડ, ૧૩,૩૭,૮૫૦ની કિંમતનું ૨૬૭.૫૭ ગ્રામ મેફેડ્રોન, ૭૦૫૦૦ની કિંમતનું ૪૭૦ ગ્રામ ચરસ, ૫૩૧૨૫ની કિંમતના ૧૭.૪૯૦ કિલોગ્રામ અફિણના લીલા છોડ, ૯,૧૬,૮૫૦ની કિંમતનું ૧૮૩.૩૭ ગ્રામ મોરફીન, ૫૩૪૩૬ની કિંમતના ૧૭.૮૧૨ કિલો પોશડોડા અને ૨,૬૩,૪૦૦ની કિંમતની ૨૬,૩૪૦ કિલો કેનાબીઝના ઘટકવાળી પડીકીઓ (તરંગ વિજયાવટી) મળી કુલ ૮૩,૦૦,૮૯૧ની કિંમતના જથ્થાનો નાશ કરાયો હતો.

# ગાંજાના જથ્થાના મુખ્ય સપ્લાયર અને કમિશન એજન્ટની જામીન અરજી મંજુર

■ ધોરાજીમાં બે માસ પૂર્વે ઝડપાયેલા ૧૧.૯૩૩ કિ.ગ્રા. માદક પદાર્થના કેસમાં ધરપકડ થઈ તી






**મુખ્ય સમાચાર,રાજકોટ**

ધોરાજી શહેરમાં બે માસ પૂર્વે ઝડપાયેલા ૧૧.૯૩૩ કિલોગ્રામ ગાંજાના જંગી જથ્થાના કેસમાં જેલ હવાલે રહેલા સુરતના મુખ્ય સપ્લાયર અને કમિશન એજન્ટની જામીન અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.

આ કેસની હકિકત મુજબ ધોરાજીમાં ખીજડાવાળી શેરી, મંસુરી હોલની સામેની ગલી, ગોસીયા મસ્જીદના મકાનમા શાહબાઝહુશેન દિલુભાઈ મકવાણા ચરસ, ગાંજાનુ વેચાણ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તલીમ લીધેલ ડોગ કેપ્ટો મારફતે મકાનની જડતી લેતા ૧૧.૯૩૩ કીલગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જે ગાંજાનો જથ્થો સુરત કિમ ગામના ઓવરબ્રીજ પાસેથી આરોપી ઈલ્યાસ યાકુબભાઈ પટેલ મેળવેલ હતો અને આ ગાંજાનો જથ્થો ઈલ્યાસને તેનો મિત્ર આરોપી લીં ગરાજ સુરેન્દ્રનાથ નાયકે શાહબાઝને આપવા આવ્યો હતો જે પેટે ઈલ્યાસને કમીશન પેટે રકમ રૂ. ૭,૦૦૦ મળેલ હોવાનુ જણાવ્યુ હતું. જે કેસમાં પોલીસ દ્વારા આરોપી લીંગરાજ સુરેન્દ્રનાથ નાયક અને ઈલ્યાસ યાકુબભાઈ પટેલની અટકાયત કરી પાંચ દિવસના રીમાન્ડ પૂર્ણ થતા જેલ વાલે કર્યા હતા હાલ જેલ વાલે રહેલા મુખ્ય સપ્લાયર લિંગરાજ નાયક અને કમિશન એજન્ટ ઈલિયાસ પટેલ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવપક્ષે રકાયેલ એડવોકેટ રોહિતભાઈ ઘીયા ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ કે ગાંજો આરોપી પાસેથી કબજે કરેલ નથી માત્ર સહઆરોપીના નિવેદનના કારણે હાલના આરોપીઓને ખોટી રીતે કેસમાં ફીટ કરવામાં આવેલ છે. કન્શીયસ પઝેસન નથી કે એફ. આઈ.આર માં આરોપીઓનુ નામ નથી કે સ્થળ ઉપર આરોપીઓની ૧ હાજરી નથી કે કહેવાતુ મકાન આરોપીઓના નામનુ જેવી રજુઆત કરેલ તેમજ સહ–આરોપીઓની કબુલાત ના કોર્ટના માર્ગદર્શક ચુકાદાઓ ઉપર ધ્યાન દોરતા સેસન્સ કોર્ટ ધ્વારા આરોપી શરતી જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવવામાં આવેલો છે.આ કેસમાં આરોપોઓ વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહિતભાઈ ઘીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# સિવિલ હોસ્પિટલમાં દર્દીના ખિસ્સામાંથી ગાંજો મળી આવ્યો

■ અકસ્માતમાં ઘવાયેલા યુવકની સિસ્ટરે તલાશી લેતા માદક પદાર્થ મળી આવતા સિક્યુરીટી સ્ટાફને જાણ કરાઇ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ અનેક વાર કોઈને કોઈ બાબતને લઈ વિવાદમાં રહેતી હોય છે. ત્યારે હવે સિવિલમાં દાખલ દર્દી પાસેથી માદક પદાર્થનો જથ્થો મળી આવ્યાની ચક્ચાર મચી જવા પામી હતી. રાજસ્થાનના જોધપુરમાં થયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્ત બંગાળી યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.અને આ દર્દીનું ખિસ્સું ચેક કરતાં સિસ્ટરને ગાંજાનું પેકેટ મળી આવ્યું હતું. અને તે સિક્યુરીટી ગાર્ડને સોંપ્યું હતું.પરંતુ સિક્યુરિટી ગાર્ડ દ્વારા આ મામલે પોલીસ કે હોસ્પિટલના અધિકારીઓને જાણ જ કરવામાં આવી ન હતી. વિગત મુજબ મુળ બંગાળના અને સોની કામ કરતા યુવાનને રાજસ્થાનના જોધપુરમાં અકસ્માત નડયો હતો. જેમાં તે ઈજાગ્રસ્ત થતાં તેના સબંધી રાજકોટમાં કોઠારિયા રોડ પર રહેતા હોય જેથી યુવાનને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેને પીએમજેવાય બિલ્ડીંગના પ્રથમ માળે દાખલ કરવામાં આવ્યો હતો.દરમિયાન ફરજ પર હાજર સિસ્ટરને દર્દીના ખિસ્સામાંથી ગાંજાનો જથ્થો મળી આવતા તેણીએ ઈન્ચાર્જ સિસ્ટરને જાણ કરી હતી જેથી સિસ્ટર દ્વારા સિક્યુરીટીને જાણ કરી હતી. અને સિક્યુરીટી દ્વારા માદક પદાર્થ કબ્જે કરાયો હતો. જો કે, માદક પદાર્થ પકડાયા અંગે ફરિયાદ કરવા કોઈ તૈયાર ન હોવાથી સવારથી મામલો ચકરાવે ચડ્યો હતો.અને આ વાતની કોઈ જવાબદાર અધિકારીને પણ જાણ કરવામાં આવી ન હતી.જેથી સિક્યુરિટી ગાર્ડ દ્વારા આ ગાંજાના જથ્થાને પોતાની પાસે ગેરકાયદેસર રીતે રાખવામાં આવ્યો હતો.

# મેટોડામાં ઉત્તરાયણ પૂર્વે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

મકર સંક્રાતિ નજીક આવતા જ રાજ્યભરની પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ કરનારને શોધી કાઢવા અને તેની સામે ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી દીધી ત્રૃ ત્યારે મેટોડામાં મિ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરનાર મૂળ બનાસકાંઠાના શખસને પોલીસે ઝડપી લઈ તેની પાસેથી ચાઇનીઝ દોરીની ફિરકી કબજે કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એસ. એચ.શર્માની રાહબરીમાં હેડ કોન્સ. યોગીરાજ સિંહ જાડેજા અને કોન્સ. ચંદ્રરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતી દરમિયાન એવી જીઆઈ ડીસી ગેઈટ નં.૩ની બાજુમાં વિશાલ ચૌધરી નામનો શખ્સ ચાઈનીઝ દોરીનું વેચાણ કરે છે.જેથી પોલીસની ટીમ તાકીદે અહીં પહોંચી હતી.બાદમાં આ શખસની પુછતાછ કરતા તેણે પોતાનું નામ વિશાલ જીવરાજભાઈ કાદળી ઉ.વ ૧૯ રહે. હાલ મેટોડા જીઆઈડીસી ગેઈટનં.૨ મૂળ ઉચૌસણ તા. સુઇગામ, બનાસકાંઠા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખસની અંગ જડતી તેની એક કાળા કલરની પ્લાસ્ટીકની થેલી હોય તેમાંથી ચાઈનીઝ દોરીની ફિરકી મળી આવી હતી.જેથી પોલીસે આ શખસ વિરૂધ્ધ જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટ બારના નવનિયુક્ત હોદ્દેદારોનું પૂર્વ પ્રમુખ રાજાણી દ્વારા સન્માન કરાયું

રાજકોટ બાર એસોસીએશનની ચૂંટણીમાં ત્રિપંખીયો જંગ જામ્યો હતો. જે બાર એસોસીએશનની ચૂંટણીમાં જીત હાંસિલ કરનાર નવ નિયુક્ત હોદ્દેદારોને રાજકોટ બાર એસોસીએશનના પૂર્વ પ્રમુખ અને એક્ટિવ પેનલના ઉમેદવાર બકુલભાઈ રાજાણી દ્વારા જીત હાંસિલ કરનાર સમરસ પેનલના પ્રણેતા અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર દિલીપભાઈ પટેલ અને નવ નિયુક્ત હોદ્દેદારોનું કોર્ટ ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. પૂર્વ પ્રમુખ બકુલ રાજાણી દ્વારા નવ નિયુક્ત હોદ્દેદારોના મો મીઠા કરાવી હારતોરા કરવામાં આવ્યા હતા. અને પૂર્વ પ્રમુખ બકુલ રાજાણીએ તમામ હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી. આ તકે પૂર્વ પ્રમુખ બકુલ રાજાણી, રાજેન્દ્રસિંહ ગોહિલ, કોમલ રાવલ અને રાજેશ ચાવડા સહિતના વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી રોડ પર આધેડે ઉછીનાં આપેલા ૨૦૦ રૂપિયાની ઉઘરાણી કરતાં નસેડીનો પાઈપ વડે હુમલો

# ગંજીવાડાના યુવાને દારૂના નશામાં પોતાની જાતે પડખામાં છરી મારી દીધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલા વાછકપર બેડી ગામે રહેતા આધેડ મોરબી રોડ ઉપર હતા ત્યારે ઉછીના આપેલા રૂ. ૨૦૦ ની ઉઘરાણી કરતા નસેડીએ દારૂના નશામાં પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે વિગત મુજબ રાજકોટ તાલુકાના વાછકપર બેડી ગામે રહેતા નરશીભાઈ લાલજીભાઈ જાદવ નામના ૫૦ વર્ષના આધેડ સાડા દસેક વાગ્યાના અરસામાં મોરબી રોડ ઉપર હતા ત્યારે બળવંત લીંબાસીયા નામના શખ્સે પ્લાસ્ટિકના પાઈપ વડે માર માર્યો હતો. આધેડને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં નરશીભાઈ જાદવે પોતાની વાડીએ અવાર નવાર આવતા બળવંત લીં બાસીયાને રૂ.૨૦૦ હાથ ઉછીના આપ્યા હતા. જે રૂપિયાની ગઈકાલે ઉઘરાણી કરતા બળવંત લીંબાસીયાએ દારૂના નશામાં નરશીભાઈ જાદવ ઉપર હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજા બનાવમાં ગંજીવાડા વિસ્તારમાં આવેલા મહાકાળી ચોકમાં રહેતા રવિ ખોડાભાઈ પરમાર નામનો ૨૦ વર્ષનો યુવાન રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. ત્યારે દારૂના નશામાં પોતાની જાતે પડખામાં છરી હુલાવી દીધી હતી. યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પત્નીને ખાધા ખોરાકી નહિ ચૂકવતા પતિ ૯૦ દિવસ જેલમાં ધકેલાયો

■ ચડત ભરણ પોષણની રકમ મેળવવા પરિણીતાએ અરજી કરતા કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં રહેતી પરણીતા એ ચડત ભરણ પોષણ મેળવવા કરેલી અરજી ચાલી જતા અદાલતે આરોપીને ૯૦ દિવસની સજા નો હુકમ કરી વોરંટ ઈશ્યુ કરી બજવણી કરવા પોલીસને હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા ચાંદનીબેન નામની યુવતીના રોહિતભાઈ આઈદનભાઈ દાવેરા નામના યુવક સાથે લગ્ન થયા હતા બાદ લગ્ન જીવનથી સંતાનમાં બે પુત્રનો જન્મ થયો હતો. બાદ દંપતિ વચ્ચે મનમે ન થતા પરણીતા અને બે પુત્રએ પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે ભરણ પોષણની અરજી કરી હતી તે અરજી અદાલતે મંજૂર કરી પરણીતાને માસિક ૪૦૦૦ બંને પુત્રોને ૧–૧ હજાર મળી માસિક ૬૦૦૦ ચૂકવવા હુકમ કર્યો હતો.

પતિ રોહિતભાઈ દાવેરા નવ માસની ચડત ભરણપોષણની રકમ મેળવવા ફેમિલી કોર્ટમાં અરજદારના એડવોકેટ ગડારા મારફત તથા અમીત રકમ અરજી ખર્ચ સહીતની કુલ રકમ રૂ.૫૪ હજાર મેળવવા ફેમીલી કોર્ટ મા અરજી કરેલ હતી. આ કામે કોર્ટ સામાવાળા વીરૂધ્ધ નોટીસ ઈસ્યુ કરેલું, જે નોટીસની બજવણી ચો રીતે થઈ ગયેલ હોય જેથી કોર્ટ સમક્ષ સામાવાળા મુદત હરોળમા હાજર રહેલ ન હોય, જેથી કોર્ટે સામાવાળા વિરૂધ્ધ પકડ વોરંટ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ અને તેમ છતા પકડ વોરંટથી ભાગેડુ ફરતો હોય અને કેસ રેકર્ડ ને ધ્યાને લઈ તેમજ સામાવાળા રકમ ભરપાઈ કરતા ન હોય જેથી અરજદારના એડવોકેટ



અમીત ગડારાએ ધારદાર દલીલો કરેલ અને સામાવાળાને જેલ સજા કરવા કોર્ટને જણાવેલ હોય આથી અદાલતે સામાવાળાને ૯૦ દિવસની સાદી જેલ સજા કરવાનો હુકમ કરેલ હોય આથી ધરપકડ વોરંટ ઈશ્યુ કરી બજવણી કરવા રાજકોટ પો. કમીશ્નર ને મોકલેલ અને તેમની ધરપકડ કરી રાજકોટ સેન્ટલ જેલ હવાલે કરવાનો હુકમ કરેલ હતો. અરજદાર ચાંદનીબેન રોહીતભાઈ ડાવેરા વતી એડવોકેટ અમીત વી. ગડારા, રોકાયેલા હતા.

# મેટોડામાં વ્યાજખોર બંધુએ યુવક પાસે પૈસાની ઉઘરાણી કરી દુકાન બંધ કરાવવાની આપી ધમકી

## ૫૦ હજારનું ૩૪ હજાર વ્યાજ ચૂકવ્યું છતાં વધુ નાણાંની ઉઘરાણી કરી ત્રાસ આપતા હોવાની ફરિયાદ

મેટોડામાં બાલાજી સોસાયટી મકાન નંબર–૨ ઠાકર સ્કૂલ પાછળ રહેતા મેહુલ રાજેશભાઈ ભટ્ટી (ઉ.૨૫) નામના યુવાને નોંધાવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે લોધિકાના ચીભડા ગામે રહેતા રાહુલ ઉર્ફે ગાંડુ બાબુતર અને તેના ભાઈ મનીયા બાબુતરના નામ આપ્યા છે. ફરિયાદમાં યુવાને જણાવ્યું હતું કે, તે મેટોડા જીઆઈડીસીમાં ગેટ નંબર ત્રણ પાસે સહયોગ કોમ્પ્લેક્સમાં ચેમ્પિયન્સ હેર આર્ટ નામની સલૂનની દુકાન ધરાવે છે. આજથી ત્રણેક માસ પૂર્વે તેના પિતા બીમાર પડતાં રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તે સમયે પૈસાની જરૂરિયાત હોય તેણે અહીં તેની દુકાનની બાજુમાં ચાની દુકાન ધરાવનાર રાહુલ ઉર્ફે ગાંડુને વાત કરતા તેણે કહ્યું હતું કે, હું તને ૨૫૦૦૦ આપું પણ એ માટે તારે રોજના રૂપિયા ૪૦૦ એમ મહિને રૂ. ૧૨,૦૦૦ વ્યાજ આપવું પડશે તે સમય યુવાનને પૈસાની તાતી જરૂરિયાત હોય તેણે આ શરતનો સ્વીકાર કરી રૂ. ૨૫,૦૦૦ વ્યાજે લીધા હતા. બાદમાં રાહુલ ઉર્ફે ગાંડુ રોજ સાંજે યુવાની દુકાને આવી રૂ. ૪૦૦ વ્યાજ લઈ જતો હતો જે યુવાને એક મહિના સુધી એટલે કે રૂપિયા ૧૨૦૦૦ ચૂકવ્યા હતા ત્યારબાદ તે વ્યાજ ન આપી શકતા રાહુલ અહીં દુકાને આવી પૈસાની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતો હતો. પરંતુ પિતાની તબિયત સારી ન હોય તે ૧૦ દિવસમાં મેટોડા પરત ફર્યો હતો. ત્યારબાદ ગાંડુભાઈ સાથે વાત કરી રૂપિયા ૨૫,૦૦૦ ના ૪૦,૦૦૦ આપવાના અને દર મહિને રૂ. ૫,૦૦૦ હમો આપવાનું નક્કી કરી સમાધાન કર્યું હતું. બાદમાં યુવાને ૫૦૦૦ ના બે હપ્તા મળી કુલ રૂપિયા ૧૦,૦૦૦ આપ્યા હતા તેમ છતાં હજુ તે રૂપિયા ૩૦,૦૦૦ માંગે છે. એક મહિના પહેલા યુવાને પૈસાની જરૂરિયાત કરતા રાહુલ ઉર્ફે ગાંડુના નાના ભાઈ મનીયા પાસેથી રૂપિયા ૨૫૦૦૦ વ્યાજે લીધા હતા.જેમાં રોજનું રૂપિયા ૪૦૦ વ્યાજ ચૂકવવાનું નક્કી થયું હતું તેને પણ એક મહિના સુધી વ્યાજ ચૂકવ્યું હતું કુલ રૂપિયા ૧૨૦૦૦ ચૂકવ્યા હતા જો વ્યાજ ચૂકવવામાં મોડું થાય તો તે પેનલ્ટી લગાવતો હતો.બાદમાં યુવાને આ બંને ભાઈઓને મુદ્દલ રકમ લઈ લેવાની વાત કરતા તેઓ કહેતા હતા કે રૂપિયા તો તારે વ્યાજ સાથે પૂરા આપવા પડશે નહીંતર તારી દુકાન બંધ કરાવી સામાન ભરી જઈશ.જેથી અંતે યુવાને ચીભડાના આ બંધુ સામે મેટોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે મની લેન્ડ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.